Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૩૯ મું
અંક ૨ જો.

સંવત ૧૯૯૭
ભાદ્રપદ



અપૂર્વ શાંતિ અર્પતું તીર્થ-અવિચળગઢ

પ્રકાશક
શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


૧. મયૂરાન્યોક્તિ ... ... ... ... ... ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) ૨૭
૨. પર્વાધિરાજ પર્યુષણપર્વ. ... ... ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) ૨૯
૩. ઉપદેશક પુષ્પો. ... ... .... ... ( પં. શ્રી સમુદ્રવિજયજી મહારાજ ) ૩૧
૪. પર્યુષણા : આત્મસિદ્ધિનું મહાપર્વ ... ... ( ડૉ. ભગવાનદાસ મ. મહેતા ) ૩૪
૫. ક્ષમાપના પદ ... ... ... ... ... ( રાયચંદ મૂળજી પારેખ ) ૩૫
૬. શ્રી મુનિસુંદરસૂરિ. ... ( મોહનલાલ દ. દેશાઇ B. A. LL. B. Advocate ) ૩૭
૭ શ્રી મૃગાપુત્રચરિત્ર ... ... ... ... (મુનિ પુણ્યવિજય (સંવિગ્નપાક્ષિક) ૪૦
૮. પદવી-પ્રદાન સમારંભ ... ... ... ... ... ... ... ૪૩
૯. વર્તમાન સમાચાર. ( પંજાબ સમાચાર વગેરે ) ... ... ... .... ૪૮
૧૦. સ્વીકાર સમાલોચના ... ... ... ... ... ... ... ૫૧


## ગ્રાહકોને વિનંતિ.

આજે જ્યારે પ્રચંડ યુદ્ધ ચાલી રહ્યું છે અને કાગળો વગેરેના ભાવ ત્રણગણા થઇ ગયા છે, જેથી 'શ્રી આત્માનંદ પ્રકાશ' નો ખર્ચ લવાજમ કરતાં વિશેષ વધ્યો છે, જેથી અમારા માનવંતા ગ્રાહકોને નમ્ર વિનંતિ છે કે તેઓ ગ્રાહક તરિકે ચાલુ રહે એટલું જ નહિ, પણ નવા ગ્રાહકો મેળવી આપવાની પોતાની ફરજ સમજી આ પરિસ્થિતિમાં અમને યોગ્ય સાથ આપે; તેમજ ચાલુ કે નવા ગ્રાહકો ચાલુ રહી અમોને એ રીતે ઉત્તેજન આપે તેવી નમ્ર સૂચના છે. આડત્રીશ વર્ષથી ચાલતા માસિક માટે તેમજ તેની વધતી જતી સુંદરતા માટે અમારે આથી વિશેષ કાંઇ જ કહેવાનું ન જ હોય તેથી આ સૂચના સર્વ ગ્રાહક મહાશયો ધ્યાનમાં લે તેમ ફરીથી આગ્રહભરી વિનંતિ છે.

—વ્યવસ્થાપક.

## નીચેના પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથોની ઘણી અલ્પ નકલો જ સિલિકે છે, જેથી જલદી મંગાવવા સૂચના છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) વસુદેવ હિંડી પ્રથમ ભાગ | | રૂા. ૩-૮-૦ | (૬) બૃહત્કલ્પસૂત્ર | ભા. ૪ થો | રૂા. ૬-૪-૦ |
| (૨) ,, | દ્વિતીય ભાગ | રૂા. ૩-૮-૦ | (૭) ,, | ભા. ૫ મો | રૂા. ૫-૦-૦ |
| (૩) બૃહત્કલ્પસૂત્ર | ભા. ૧ લો | રૂા. ૪-૦-૦ | (૮) શ્રી દેવેન્દ્રસૂરિકૃત ચાર કર્મગ્રંથ | | રૂા. ૨-૦-૦ |
| (૪) ,, | ભા. ૨ જો | રૂા. ૬-૦-૦ | (૯) પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ | ભા. ૨ જો | રૂા. ૪-૦-૦ |
| (૫) ,, | ભા. ૩ જો | રૂા. ૫-૮-૦ | | | |

(૧૦) ત્રિષષ્ઠિશ્લાકા પુરુષ ચરિત્ર પર્વ ૧ લું, પ્રતાકારે તથા બુકાકારે રૂા. ૧-૮-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વાસુપૂજ્ય ( પ્રભુ ) ચરિત્ર.

( શ્રી વર્ધમાનસૂરિકૃત. )

૫૪૭૪ શ્લોકપ્રમાણ, મૂળ સંસ્કૃત ભાષા અને સુંદર શૈલીમાં વિસ્તારપૂર્વક જુદા જુદા આગમો તથા પૂર્વાચાર્યોકૃત અનેક ગ્રંથોમાંથી દોહન કરી **શ્રીમાન વર્ધમાનસૂરિજી**એ સં. ૧૨૯૯ ની સાલમાં લખેલો આ અપૂર્વ ગ્રંથ છે. રચનાર મહાત્માની કવિત્વ-શક્તિ અદ્ભુત છે, તે તેમાં આવેલ સર્વ પ્રકારના રસોની પરિપૂર્ણતા જ બતાવી આપે છે. તેનું આ સાદું, સરલ અને સુંદર ભાષાંતર છે. ઊંચા એન્ટ્રીક કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોમાં છપાયેલ છે.

આ ગ્રંથમાં પ્રભુના ત્રણ ભવો, પાંચ કલ્યાણકો અને ઉપદેશક જાણવા યોગ્ય મનનીય સુંદર બોધપાઠો, તત્ત્વજ્ઞાન, તપ વગેરે સંબંધીની વિસ્તૃત હકિકતોના વર્ણનો સાથે પુણ્ય ઉપર પુણ્યાઢ્ય ચરિત્ર, રાત્રિભોજન ત્યાગ અને આદર, બારવ્રત, રોહિણી આદિની અનેક સુંદર, રોચક, રસપ્રદ, આહ્લાદક કથાઓ આપેલી છે, કે જેમાંની એક કથા પૂરી થતાં બીજી વાંચવા મન લલચાય છે અને પૂરી કરવા ઉત્સુકતા થાય છે. તે તમામ કથાઓ ઉપર ગ્રાહ્ય અને સુંદર ઉપદેશ પણ સાથે આપેલ છે. પ્રભુના ત્રણ ભવોના—જીવનના નહિ પ્રગટ થયેલ જાણવા જેવાં અનેક પ્રસંગો અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રભુએ સ્થળે સ્થળે વિચરી આપેલ વિવિધ વિષયો ઉપર આદરણીય દેશનાઓ એ તમામ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે.

આ ગ્રંથની કૃતિ જેમ ઉત્તમોત્તમ છે, તેમ ગ્રંથની બાહ્ય સુંદરતા કરવામાં સુંદર વિવિધ રંગની છબીઓ જેવી કે-(૧) **શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજ**ની કે જે ગ્રંથ ઉઘાડતાં પ્રથમ ગુરુદર્શન થાય છે. ત્યારબાદ (૨) આર્થિક સહાય કરનાર દયાવારિધિ દાનવીર નરરત્ન **શેઠ સાહેબ માણેકલાલભાઈ ચુનીલાલ જે. પી.** ની છબી જોતાં તેમની સખાવતો માટે અનુમોદના કરવી પડે છે. (૩) ત્રીજી છબીમાં શ્રી **વાસુપૂજ્ય પ્રભુ**ની સૌમ્યમૂર્તિનાં દર્શન થાય છે. (૪) પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી તીર્થસ્થાપન કરે છે તે વખતની **શાસનદેવી** અને **યક્ષ** સહિત પાંચ રંગની છબીના દર્શન કરતાં આત્માને અનહદ પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. છેવટે (૫) **શ્રી ચંપાપુરીના વનમાં પ્રભુ મોક્ષમાં પધારે** છે તે વખતની ભવ્ય, સુંદર, શુક્લધ્યાનારૂઢ, સૌમ્ય, શીતલ અનેક રંગમાં તૈયાર કરેલી મૂર્તિના દર્શન કરતાં આત્મામાં શાંતિ, શીતળતા અને અપૂર્વ આનંદ પ્રગટ થાય છે. (૬) શ્રી **ચંપાપુરી**માં આવેલ વર્તમાન **જૂના અને નવા મંદિરની** છબીઓ તેમજ તેના પૂંઠા ઉપરના કવર ઉપર **અર્વાચીન મંદિર** સાથે સુંદર કવર બે રંગમાં બનાવી પ્રકટ કરેલ છે જે, બને પ્રકારની સુંદરતા કરવામાં મોટો ખર્ચ કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં પ્રગટ થયેલા કોઇપણ ગ્રંથપ્રકાશનોમાં આ ગ્રંથમાં આવેલા સુંદર ચિત્રો હજુસુધી આવેલા નથી જે જોવાથી જ માલૂમ પડે તેવું છે.

એકંદરે આ ચરિત્ર પહેલેથી છેલ્લે સુધી મનનપૂર્વક વાંચવા જેવું અને પઠનપાઠ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નમાં નિરંતર ઉપયોગ કરવા યોગ્ય છે, જેને માટે વિશેષ લખવા કરતાં અનુભવ કરવા જેવું છે.

**કિંમત રૂા. ૨-૮-૦ પોસ્ટેજ જુદું.**

( આ ગ્રંથ માટે મુનિમહારાજાઓ વગેરેના જે સુંદર અભિપ્રાયો મળે છે તેની નોંધ માસિકમાં આપવામાં આવે છે )

---

# શ્રી મહાવીર જીવનચરિત્ર.

## ( શ્રી ગુણચંદ્રસૂરિજીકૃત )

બાર હજાર શ્લોકપ્રમાણ મૂળ પ્રાકૃત ભાષામાં, વિસ્તારપૂર્વક સુંદર શૈલીમાં, આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્રગણિએ સં. ૧૧૩૯ની સાલમાં રચેલ આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુક્ત, સુંદર અક્ષરોમાં પાકા કપડાનાં સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રગટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવા પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું

---

# શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર. ( ભાષાંતર )

## ભા. ૧ લો તથા ૨ જો

### (અનુવાદકઃ–આચાર્ય મહારાજશ્રી અજિતસાગરજી મહારાજ)

પ્રભુના કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભક્તિનું વિસ્તારપૂર્વક વર્ણન, શ્રી સુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્ય જીવોને આપેલ ઉપદેશ, અનેક કથાઓ અને શ્રાવકજનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વગેરેનું વર્ણન ઘણું જ વિશાળ રીતે આપેલ છે. આ કથાના ગ્રંથોમાં બુદ્ધિનો મહિમા, અદ્દભુત તત્ત્વવાદનું વર્ણન, લૌકિક આચારવ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ તથા નૈતિક જીવન વિગેરે તત્ત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ માનવજીવનનો માર્ગદર્શક, જૈન દર્શનના આચારવિચારનું ભાન કરાવનાર એક પ્રબળ સાધનરૂપ છે.

ઊંચા રેશમી કપડાના પાકા બાઇન્ડીંગના એક હજાર પાનાના આ બે ગ્રંથની કિંમત રૂા ૪-૮-૦. પોસ્ટખર્ચ અલગ.

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૩૯ મું : આત્મ- સં. ૪૬ : વીર સં. ૨૪૬૭ : ભાદ્રપદ :
અંક : ૨ જો : વિક્રમ સં. ૧૯૯૭ : સપ્ટેમ્બર :

# मयूरान्योक्ति.

वसंततिलकावृत्त.

अस्मान्विचित्रवपुषस्तव पृष्ठलग्नान्,
कस्माद्विमुञ्चति भवान्यदि वा विमुञ्चे ।
रे नीलकंठ ! गुरुहानिरियं तवैव,
मौलौ पुनः क्षितिभृतौ भविता स्थितिर्नः ॥१॥

વાચક બન્ધુઓ ! આ એક સ્વજન સહકારદર્શક અમૂલી અન્યોક્તિ છે. આપણે સૌ જાણીએ છીએ અને બોલીએ પણ છીએ કે "મોર પીંછે રળિઆમણો, વણપીછે લજવાય." આ જૂની પણ સર્વાંગ સત્યભરેલી કહેવત છે. એનો યથાર્થ ઉપયોગ ન કરવાથી વ્યવહારમાં કેવી ન્યૂનતા દેખાય છે એ બતાવવા એક કવિની આ મનોહર કૃતિ છે.

"એક મયૂર પોતાનાં પીછાં ઊતારી નાખવા તૈયાર થયો, એ જ વખતે એ પીછાંઓ મયૂરને કહેવા ( વિનવવા ) લાગ્યાં કે:-હે ભાઇ મયૂર ! અમે ચિત્રવિચિત્ર ( શોભાભર્યાં ) છીએ, અને તારી પાછળ લાગેલાં (ઊગેલાં-ચોંટેલાં)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છીએ, અર્થાત્ આપણો પરસ્પરનો ઘણો જ જૂનો-નિકટનો અને સતત નિભાવવા જેવો જગજાહેર સંબંધ છે, માટે અમે વિનવીએ છીએ કે અમને શા માટે ઊતારી નાખો છો? હે શાણા! અમને ન ઊતારી નાખો. આટલી અમારી અંગત સ્નેહસંબંધભરી લાગણી સાથે માગણી છે, છતાં આપ અમને આપના શરીર પરથી દૂર જ કરશો તો હે નીલકંઠ! અમારું આ છેલ્લું વિવેક-વિનયવાળું વાકય સાંભળી લ્યો કે અમને તો આપે દૂર કર્યા કે તુરત જ અમે તો ( અમારી રંગબેરંગી સૌંદર્યતાને લીધે ) કોઈ રાજા-મહારાજાના શિરમોર-(મુગટ)માં સ્થાન પામીશું પણ તમે તો તે જ વખતે **મોર બાંડો** એવી ક્ષુદ્ર પદવીને પામશો!!!

વ્હાલા વિચારક બન્ધુઓ, સંસારવ્યવહારમાં શિક્ષણરૂપ આ અન્યોક્તિ છે. હંસ એ સરોવરથી અને સરોવર હંસથી શોભે છે, પરસ્પરની સહાય કે સંબંધ વિના વ્યવહાર સૂકો-લૂખો લાગે છે. પાંચ આંગળીવડે જ પહોંચો રૂડો લાગે છે. સજ્જનોના સ્વભાવમાં તો આ ગુણ અગ્રગણ્ય છે કે अंगिकृतं सुकृतिनः परिपालयन्ति જેને અંગિકૃત ( પોતાનાં-સ્વજન-આપ્તજન ) ગણ્યાં, તેને સજ્જનો યાવજ્જીવન પર્યંત નભાવે છે—

આ અન્યોક્તિ સ્વજ્ઞાતિ-સ્વદેશ-સ્વધર્મ વગેરેમાં પણ અનુકરણીય છે. પોતાના સાથને તજે છે તે જરૂર પાછળથી પસ્તાય જ છે.

વસંતતિલકા છંદ.

**પીછાં વદે મયૂરને સુવિવેક વાણી, ત્યાગો નહીં ઘટ પરસ્પર સ્નેહ જાણી,**
**આશ્રિત ને સુભગ સુંદરતાભરેલાં, હે નીલકંઠ, તવ અંગ વિષે ઠરેલાં;**
**તે ત્યાગતાં તમતણી અપકીર્તિ થાશે, પીછાં જરૂર નૃપના મુગુટે જડાશે,**
**દંતો જતાં મુખ વિષે પડી જાય ખાડો, પીછાં વિના જન વદે અહીં મોર બાંડો.**

ગુણગણશોધક-બોધક,
**રેવાશંકર વાલજી બધેકા**
**નીતિધર્મોપદેશક-ઉ૦ જૈન કન્યાશાળા-ભાવનગર**

તા. ૧૯-૮-૪૧ ભોમ
શ્રી પર્યુષણનો પ્રારંભ
દિવસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લે.–મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ

# પર્વાધિરાજ પર્યુષણપર્વ.

(ગતાંક પૃષ્ઠ ૧૧ થી ચાલુ)

પંચમી એ સંવત્સરીનો
ક્ષમાપનાનો પ્રચલિત દિન હતો
ભગવાન કાલિકાચાર્યની પૂર્વે
દક્ષિણાયને સ્થિત સૂર્યને
ઉત્તરાયને જવું પડે તેમ
ચતુર્થીએ સંવત્સરી દિનનું સ્થાન લીધું.
હજીએ અચળપણે આરાધ્ય છે ભવિજનોમાં,
યથા અડગ અભય અદ્રિરાજ.
ધર્મ પર આવતી આપત્તિ
દૂર કરી શિક્ષા અપાવી અધર્મીઓને.
ને પ્રભાવના કરી જૈન ધર્મની
તેથી એ જ સૂરીશ્વરનો મનાવવો જોઇએ
સ્મરણીય-જયંતિદિન.
યુગે યુગે મહાપુરુષોના કાર્યો નવીનતા અર્પે છે.
ચતુર્થી સ્મરણ-દિન છે જૈનોનો.
પુણ્યવંતો મેળવે પ્રેરણા
એ ઐતિહાસિક અને અમર દિનમાંથી.
પર્યુષણ ઉત્સવ એટલે જગતના
સર્વ આત્માઓ સાથે આત્મઐક્ય ભાવના.
દેવ, ગુરુ, ધર્મની નિશ્ચય શ્રધ્ધા ધારણ કરતા
જિજ્ઞાસુઓ અન્ય દેશસ્થ હો કે—
અન્ય જાતીય હો, અન્ય અન્ય આહારપોષિત-
વપુધારી હો,
પણ સર્વ છે–બંધુઓ;
એ વિશાળ ભાવી આદેશ જૈનધર્મનો.

अनन्नदेसजाया, अनन्नाहारवड्डियसरीरा ।
जे जिणवयणपण्णत्ता, ते सव्वे बंधुआ भणिया ॥

અંતરે સ્થાપિત હો એ દૈવી આદેશ
પર્યુષણ ઉજવવાનો એ છે દિવ્ય સંદેશ.
સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને
સમ્યગ્ચારિત્ર એ મોક્ષમાર્ગ
માર્ગગામી મહાનુભાવો ?
પર્વારાધનથી પ્રગટે સમત્વ
સમભાવી હોય મુનિવરો;
સમભાવનું વાતાવરણ પ્રસરાવે
સર્વ સ્થળે સમભાવી સાધુજનો.
સંઘમાં ને રાષ્ટ્રમાં,
સંયમ ને મૈત્રીના સુસંસ્કાર સમર્પે,
સમભાવી ને સેવાભાવી સાધુજનો.
પર્યુષણ એટલે તીર્થંકરોની
સર્વશ્રેષ્ઠ ભાવનાઓને
પ્રકાશિત કરનાર એક મહાપર્વ.
એ પર્વે વસ્યા છે નૈતિક સદ્‌ગુણો.
ધર્મોન્નતિમાં રાષ્ટ્રોન્નતિ
ને રાષ્ટ્રોન્નતિમાં ધર્મોન્નતિ
ઉભય અન્યોન્ય સહાયક;
પણ તે કયારે ?
વિવેકપૂર્ણ દૃષ્ટિ હોય ત્યારે;
“સત્પુરુષો સદા હોય શુધ્ધ, તેને બીજાં અનુસરે,
શ્રેષ્ઠ સંસ્કારને પામે, જ્ઞાની તારે અને તરે.”
“यद् यदाचरति श्रेष्ठ-स्तद्देवेतरो जनः (ગીતા)

× × ×

આજે ભારતે દીન અનાથ દુ:ખીજનોનો
આક્રંદ કરતો મહાસાગર ઉમટ્યો છે.
અનાથ વિદ્યાર્થીઓ ચાહે આર્થિક સહાય.
આજના વિદ્યાર્થીઓ, ભવિષ્યના ધર્મરક્ષકો.
વિદ્યાર્થીઓને મદદ એ જ
સાચો ધર્મપ્રચાર.
સંસ્કારી છાત્રાલયોમાં સંસ્કારપૂર્ણ ધર્મસૂત્રોનું
શિક્ષણ એ જ સાચું ને સજીવન જ્ઞાન.
જ્ઞાનની સજીવનતા એ જ
પર્વાધિરાજની સત્ય ઉપાસના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખી વિધવાઓ ચાહે શુભ સંસ્થાઓ;
ચારિત્રવાન વિધવાઓથી દેશોન્નતિ;
અનાથ દીન વિધવાઓ ઉદર માટે
શું મેળવે સાધન? કયાંથી મેળવે?
આશ્રયવિહીન વિધવાઓ કેમ વર્તે?
સાધન વિના ધર્માન્તર ને અનીતિમય જીવન.
સાધનો પૂરા પાડવા શાસ્ત્રો સંબંધો યે ઉપદેશે છે.
સમાજના વિચારકો! રૂઢીસ્તંભો!
ચારિત્રશાળી શ્રેષ્ઠીઓ!
લક્ષ્મીને યોજો શુભદાનમાં;
યુગ ફરે તેમ યોજના પણ ફરે;
વિદ્યાદાન શ્રેષ્ઠ ગણ્યું વિદ્વજ્જનોએ;
ઉદરપોષણ ને જ્ઞાનનાં સાધનો
દુઃખી વિધવાઓને અર્પણ થતાં
કર્તવ્યનિષ્ઠ બનશે ને
સાધશે આત્મ-સાધના.
સુધારક શ્રેષ્ઠીઓ!
પુરાણી રૂઢીમાં આગ્રહ તો ન જ સંભવે;
પલટી નાખો, મહાજનો!
એ પુરાણો દાનનો પ્રવાહ;
સુપાત્રદાન એ સાધર્મી ભાઇ-બહેનોને આપો.
વિધવાને આશ્રય દેવો એ શ્રેષ્ઠ પુણ્ય.
દાનવીર શ્રીમંતો!
દાનમાં ન હોય જાતિભેદ કે ધર્મભેદ.
દાનવીરને તો સજાતિ કે વિજાતિ
ઉભય સમાન, જાણે નિજ દેહનાં નેત્રયુગલ.
વિદ્યાલયો, છાત્રાલયો, કોલેજો, ગુરુકુલો,
શાળાઓ સર્વ વિદ્યાનાં કેન્દ્રસ્થાનો.
તે સ્થાપિત કરી, ઉદાર ગૃહસ્થો!
સાધી લ્યો પર્યુષણપર્વની સફળતા.
આજના વિદ્યાર્થીઓ તો
દેશના ભાવી નાયકો;
જર્જરિત વસ્ત્ર ન ટકે,
ક્ષીણ મૂળનું વૃક્ષ ભૂમિએ પડે,
તેમ વિદ્યાહીન ભાવી સમાજ
ધર્મહીન થતાં પરિણામ શું?
છિન્નભિન્નતા ને નાશનો પ્રારંભ.
દિવ્ય ભાવનાશાળી સાધુઓ
અને સાધ્વીઓ, આપણા ધર્મસ્થંભો,
ઉદ્ભવશે એ જ આશાધારી
ઉછરતા વિદ્યાર્થી અને વિદ્યાર્થીની વર્ગમાંથી
શ્રીમંતો! આપો તેમને
જ્ઞાનવૃધ્ધ થવાનાં સબળ સાધનો.
પર્યુષણ એટલે મહાદાન પર્વ.
સમાન ધર્મપાલકો પર વાત્સલ્યભાવ,
દીનનાં દુઃખ હઠાવવાં,
એ પર્યુષણનું અમૂલ્ય સાફલ્ય ટાણું.
સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા,
જ્ઞાનભંડાર, જિનરાજ મંદિર
પ્રતિમાનું યથાર્થ પાલન
એ સર્વ જિનધર્મ અખંડ રાખવાનાં સાધનો.
પર્વાધિરાજ પર્યુષણ એટલે
જૈન શાસનનું મહોન્નાતકારક પર્વ.
વિવિધ રીતે ગાયું છે પર્યુષણપર્વનું
પુરાતન માહાત્મ્ય જૈન કથાકારોએ;
દેવદ્રવ્ય, વૃધ્ધિ અને અમારીપાલન.
એ શુભ પ્રસંગો ગણ્યા મહોત્સવ-સાધન.
અનેક સાધને થાય પર્વારાધના,
સાધ્ય એક ને સાધનો અનેક.
સપ્ત ક્ષેત્રોને નવપલ્લવિત રાખવા
ઉપદેશે છે સૂરિપુરંદરો,
"એકની ઉપેક્ષામાં સર્વનો વિનાશ."
જીવન્ત છે જ્યાં સુધી કલાશિલ્પ
ત્યાં સુધી જીવન્ત છે જૈનત્વભાવના.
દેવદ્રવ્યનો સદુપયોગ થવો ઘટે
જીર્ણ મંદિરોના જીર્ણોધ્ધારમાં;
ભવ્યાત્માઓની દર્શન શુધ્ધિભાવના
સજીવન રાખે છે જિનમંદિરો,
તદ્ અર્થે દ્રવ્યસંગ્રહ ને સદુપયોગ
પ્રશસ્ય છે એ જ શાસ્ત્રરહસ્ય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપદેશક પુષ્પો.

સંગ્રાહક:—પંન્યાસ શ્રી સમુદ્રવિજયજી મહારાજ.

( ગતાંક પૃષ્ઠ ૧૯ થી શરૂ )

વળી આ પ્રત્યેક ધ્યાનના પણ ચાર ચાર ભેદો છે. તેમના લક્ષણ નીચે મુજબ છે.

( ૧ ) શોક, આક્રન્દન, વિલાપ ઇત્યાદિ **આર્ત્તધ્યાન** કહેવાય છે.

( ૨ ) ક્રૂર પરિણામ ઇત્યાદિ **રૌદ્રધ્યાન** કહેવાય છે.

( ૩ ) જિનપ્રણીત તત્ત્વને વિષે શ્રદ્ધા વગેરે ઉત્પન્ન કરવામાં નિમિત્તરૂપ ધ્યાન **ધર્મધ્યાન** કહેવાય છે.

( ૪ ) બાધાથી વિમુખ અને સંમોહાદિથી રહિત ધ્યાન તે **શુક્લધ્યાન** કહેવાય છે.

આર્ત્તધ્યાનના ચાર ભેદ પડે છે, તે નીચે પ્રમાણે છે–

(૧) અનિષ્ટ શબ્દ વિગેરે વિષયોનો સંબંધ થતાં એ વિષયોનો કેવી રીતે વિયોગ થાય? એનાથી ક્યારે હું છૂટું? એમ વિચાર કર્યા કરવો તે **પ્રથમ આર્ત્તધ્યાન છે.** આ "**અનિષ્ટસંયોગાર્ત્તધ્યાન**" છે.

(૨) કોપાયમાન થયેલા વાત, પિત્ત અને શ્લેષ્મના સંનિપાતરૂપ નિમિત્તથી ઉદ્‌ભવતી શૂળ, માથુ દુઃખવું, તાવ આવવો વિગેરે અનેક પ્રકારની વેદનાને મટાડવા માટે સતત વિચાર કર્યા કરવો તે **દ્વિતીય આર્ત્તધ્યાન** છે. આ "**રોગચિન્તાર્ત્તધ્યાન**" કહેવાય છે.

(૩) ઇષ્ટ શબ્દ વગેરે વિષયોનો સંબંધ થયા બાદ ફરી ફરીને તે વિષયોનો સંયોગ જ હો કિન્તુ વિયોગ ન થાઓ, એ પ્રમાણે ચિન્તન કર્યા કરવું તે **તૃતીય "ઇષ્ટવિયોગાર્ત્તધ્યાન"** છે.

---

પરસ્પર ક્ષમાપના, વૈરવૃત્તિ-વિનાશ,
બ્રહ્મચર્યપાલન, એ સર્વ પર્વસેવન વ્રતો.
શારીરિક, માનસિક શક્તિનો વિકાસ થાય.
પર્વસેવી પાત્રોની પ્રેરણાથી.
દેવેન્દ્ર ઊજવે નંદીશ્વર દ્વીપે,
હોંશ ધરી, હર્ષોન્માદ કરી,
માનવો કેમ ન ઉજવે?
ધર્મનું, દાનનું, દિવ્ય આનંદનું પર્વ
જૈન ભવિજનો! કેમ ન ઊજવો હર્ષથી?
રાગ-દ્વેષ ટળે, નિર્વાણ અધિકાર મળે,
આત્માનંદના મહોદધિમાં
દિવ્ય સ્નાન મળે, પુણ્ય વધે, પાપ બળે,
વીતરાગપદના સતત સેવનથી
વિશ્વબંધુત્વનો રમ્ય પાઠ મળે.
પર્યુષણ પર્વનો ઉત્સવ એટલે
જીવનનો શ્રેષ્ઠતમ આનંદ.
એ આનંદમાં રસબસ થવું
એ જૈન જીવનનો ભાગ્યોદય.
એ હેમવર્ણીય ભાગ્યરવિના
પુનિત કિરણસ્નાનથી દેહનાં અણુએ અણુમાં
દિવ્યતા ધારો.
આજે એ પર્યુષણ પર્વ,
એ મહોત્સવનો,
રમ્ય અરુણોદય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૪) કામથી જેમનું મન વિહ્વલ બન્યું છે તેવા મનુષ્યો દેવેન્દ્ર, ચક્રવર્તી વગેરેની ઋદ્ધિ ભવાંતરમાં મળે એમ નિદાન કરે–ભવિષ્યમાં પૌદ્ગલિક સુખ મળે તે માટે નિયાણું કરે તે **ચતુર્થ "અગ્રશોચાર્ત્તધ્યાન છે."**

રૌદ્રધ્યાનનાં ચાર ભેદો નીચે પ્રમાણે છે.

(૧) પ્રાણીઓનો વધ કરવો, તેનું ઉદ્બંધન કરવું, તેમને પરિતાપ પમાડવો ઇત્યાદિ પ્રકારની હિંસા સંબંધી સતત વિચાર કરવો તે **હિંસાનુબંધી નામનું પ્રથમ રૌદ્રધ્યાન** છે. દ્વેષવડે જીવોને બાંધવા, હણવા, વગેરેનો વિચાર કર્યા કરવો એ આ ધ્યાનનો વિષય છે.

( ૨ ) જીવોને મારવાની પ્રવીણતાપૂર્વક તેમ જ નિરંતર તીવ્ર અને ભયંકર આશયપૂર્વક દુઃખ દેવાનો વિચાર કર્યા કરવો તે **મૃષાનુબંધી નામનું દ્વિતીય રૌદ્રધ્યાન** છે. જૂઠું બોલવાની વૃત્તિમાં જે ક્રૂરતા આવે છે તેને લીધે જે સતત ચિન્તન થયા કરે તે આ બીજા પ્રકારનું રૌદ્રધ્યાન છે એમ અન્યત્ર સૂચવાયું છે. છળ–પ્રપંચાદિકના આશયથી અસત્ય બોલવાની અને તેને સત્ય તરિકે સ્થાપવાની ચિંતા એ આ ધ્યાનનો વિષય છે.

( ૩ ) દ્રવ્યની ચોરી કરવાના ઉપાયમાં મનને રોકવાનો સતત વિચાર કરવો તે **સ્તેયાનુબંધી નામનું ત્રીજું રૌદ્રધ્યાન** છે. અથવા લોભરૂપ કષાયના ઉદયને લીધે આતુર ચિત્તથી ને લોભ સંબંધી વિચાર કર્યા કરવો તે ત્રીજું રૌદ્રધ્યાન છે. ક્રોધાદિ કષાયને વશ પરંતુ દ્રવ્યાદિ હરી લેવાનો સતત સંકલ્પ એ આ ધ્યાનનો વિષય છે.

(૪) વિષયોના અર્જન, સંરક્ષણ તેમ જ વ્યયનાં કારણનો સતત વિચાર કરવો **તે વિષયાનુબંધી નામનું ચોથું રૌદ્રધ્યાન** છે. વિષયના સાધનરૂપ ધન, પરિવાર ઇત્યાદિના રક્ષણ વગેરેની સતત ચિંતા એ આ ધ્યાનનો વિષય છે.

ધર્મધ્યાનના ચાર ભેદ નીચે પ્રમાણે છે—

(૧) આગમના અર્થનો નિર્ણય કરવા માટે સતત વિચાર કરવો તે **આજ્ઞાવિચય-ધર્મધ્યાન** છે. પૂર્વાપર વિરોધથી રહિત સમસ્ત જીવોને હિતકારી, પાપથી મુક્ત, ગંભીર અર્થથી યુક્ત, દ્રવ્ય અને પર્યાયવડે ગૂંફિત અને સર્વજ્ઞપ્રણીત એવા આગમના અર્થનો નિશ્ચય કરવારૂપ ચિંતાનો પ્રબંધ તે **આજ્ઞાવિચય-ધર્મધ્યાન** છે. ટૂંકામાં કહીએ તો સર્વજ્ઞની આજ્ઞા શી છે? એની પરીક્ષા કરવા માટે ચિત્તની એકાગ્રતા કરવી તે આજ્ઞાવિચય ધર્મધ્યાન છે. અન્ય રીતે વિચારીએ તો વીતરાગ–સર્વજ્ઞની જે આજ્ઞા છે તે જ **ધર્મ** છે, એવી ભાવનાપૂર્વક તેમની આજ્ઞાઓનો સતત વિચાર કરવો તે આ પ્રથમ પ્રકારનું ધર્મધ્યાન છે.

(૨) ગૌરવ, વિકથા, પ્રમાદ, પરિષહ ઇત્યાદિવડે સન્માર્ગથી પતિત ન થવાય તે માટે ચિંતન કર્યા કરવું, અથવા મૂળ અને ઉત્તરપ્રકૃતિના વિભાગથી ઉદ્ભવેલ જન્મ, ઘડપણ અને મરણરૂપ ( ભવ ) સમુદ્રમાં ભ્રમણ કરી કરીને ખિન્ન થયેલા આત્માએ સાંસારિક સુખ–પ્રપંચો અપાયના કારણરૂપ છે એમ વિચાર્યા કરવું, અથવા મિથ્યાત્વથી આવૃત બનેલા–કલુષિત થયેલા મનવાળા કુદૃષ્ટિઓએ પ્રરૂપેલા ઉન્માર્ગથી આ પ્રાણીઓ કેવી રીતે દૂર રહે તેનો સતત વિચાર કરવો તે **અપાયવિચય-ધર્મધ્યાન** બીજા પ્રકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રતું છે. ટૂંકામાં કહીએ તો દોષના સ્વરૂપનો અને તેનાથી મુક્તિ મેળવવાનો ચિંતા-પ્રબંધ તે આ ધ્યાન છે. રાગ, દ્વેષ વગેરે સંસાર-બંધનનાં કારણો હોઈ એ કષ્ટરૂપ છે એવો વિચાર એ પણ આ ધ્યાનનો વિષય છે.

(૩) શુભ અને અશુભ કર્મના વિપાક વિષે સતત ચિંતન અથવા નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવના ભવમાં કર્મોનો અનુભવ લેવો પડે છે, એ વિષે સતત વિચાર કરવો તે **ત્રીજું વિપાકવિચય-ધર્મધ્યાન** છે.

(૪) દ્રવ્ય અને ક્ષેત્ર સંબંધી રચના યાને આકાર વિશેષનું સતત ચિંતન અથવા તો પંચાસ્તિકાયરૂપ લોકના-સંસ્થાનના સ્વરૂપનું એકાગ્ર ચિંતન તે **ચોથું સંસ્થાનવિચય ધર્મધ્યાન** છે

એ રીતે હે વાચક ! ધર્મધ્યાનનું સંક્ષેપથી સ્વરૂપ કહ્યું. આ લોકમાં પણ સંતજનોને એનું અનંત માહાત્મ્ય પ્રાપ્ત થાય છે. દુષ્કર્મથી ઉત્પન્ન થયેલ મહાશોકને જે ધ્યાન હઠાવે તે **શુક્લધ્યાન** કહેવાય છે. તેના પણ ચાર ભેદો નીચે પ્રમાણે છે.

(૧) (ચૌદ) પૂર્વમાંના શ્રુત સંબંધી અર્થ, વ્યંજન અને યોગના પરસ્પર સંક્રમણ પરત્વે વિચાર કરવારૂપ દ્રવ્ય, પર્યાય અને ગુણોના સંચાર સંબંધી ધ્યાન તે **પૃથક્ત્વવિતર્ક-સપ્રવિચાર શુક્લધ્યાન** છે, અથવા પરનો આશ્રય લીધા વિના નિર્મળ અને શુદ્ધ એવા આત્મસ્વરૂપનું સતત ચિંતન અથવા જીવ અને અજીવના સ્વભાવ તેમજ વિભાવને પૃથક્ પૃથક્ કરવાપૂર્વક દ્રવ્ય અને પર્યાયનો અલગ અલગ વિચાર કરતાં પર્યાયનો ગુણમાં અને ગુણનો પર્યાયમાં સંક્રમણ કરવારૂપ સતત વિચાર, અથવા વિતર્ક, વિચાર અને પૃથક્ત્વથી સંયુક્ત બની અલ્પાંશે ચપળ તરંગવાળા સમુદ્રની જે અક્ષુબ્ધ દશા છે તેવી દશા અનુભવવી તે પણ આ ધ્યાનનો પ્રકાર છે.

(૨) એકત્વવિતર્ક અને અપ્રવિચારથી યુક્ત તેમજ પવન નહિ લાગતો હોય એવા દીપકની જેમ સ્થિર એવું ધ્યાન તે **એકત્વ-વિતર્કપ્રવિચારરૂપ શુક્લધ્યાન** છે.

(૩) સૂક્ષ્મ ક્રિયાથી જે પતિત ન થવું તે **ત્રીજું સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતિ શુક્લ-ધ્યાન** છે, અથવા ( માનસિક અને વાચિક એ ) બે યોગોનો નિરોધ કરી ફક્ત કાયિક વ્યાપાર કરનારાને જે ધ્યાન હોય છે તે આ ધ્યાન છે.

(૪) ક્રિયાની અનિવૃત્તિના ઉચ્છેદરૂપ ધ્યાન તે ચોથું **વ્યુપરતક્રિયાઅનિવૃત્તિ-રૂપ શુક્લધ્યાન** છે, અથવા શૈલેશી અવસ્થાને પ્રાપ્ત થયેલા તેમજ ત્રણે યોગથી રહિત એવા (મહાનુભાવો) **अ, इ, उ, ऋ** અને **लृ** એ પાંચ હ્રસ્વ સ્વરો બોલતાં જેટલો સમય લાગે તેટલા કાળ પ્રમાણ સુધી જે ધ્યાન ધરે છે તે આ ધ્યાન છે.

કર્મક્ષયથી ઉત્પન્ન થયેલ તથા કેવલ આત્મપ્રકાશરૂપ આ શુક્લધ્યાન યોગીઓને કેવલજ્ઞાનના અવસરે થાય છે.

આ ધ્યાન પોતાની મેળે અથવા સુગુરુના ઉપદેશથી થાય છે, પરંતુ વજ્રઋષભનારાચ-સંઘયણવાળાને જ સ્થિર હોઈ શકે. આ ધ્યાન જ્યારે સ્થિર થાય ત્યારે ક્ષણવારમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણા-

## આત્મસિદ્ધિનું મહાપર્વ.

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા.

( ગતાંક પૃષ્ઠ ૧૪ થી ચાલુ )

**સામાયિક**—સમભાવની પ્રાપ્તિ જેમાં થાય તે સામાયિક. સમભાવ એટલે રાગદ્વેષરહિત મધ્યસ્થ પરિણામ. રાગદ્વેષની ઉત્પત્તિ અહંત્વ અને મમત્વને લઇ થાય છે, પણ સામાયિકમાં ભાવવા યોગ્ય આત્મભાવનાથી તે અહંત્વ-મમત્વ દૂર થાય છે, રાગદ્વેષની પરિણતિ ટળે છે અને સમભાવ સાંપડે છે. "આ દેહાદિથી હું ભિન્ન છું, આત્માથી અતિરિક્ત સર્વ પદાર્થો મારા નથી, હું તો અનંતજ્ઞાન-દર્શન-વીર્યનો સ્વામી શુદ્ધ ચૈતન્યઘન આત્મા છું" એવી સદ્ભાવનાથી સમત્વ દૃઢ થાય છે. વળી સામાયિકનો વિશેષ લાભ તો એ છે કે તેમાં સત્શાસ્ત્રનો સ્વાધ્યાય કરવાની સુંદર યોજના પણ અંતર્ભૂત છે. શાસ્ત્રકારોએ પુનઃ પુનઃ સામાયિકનો આદેશ કર્યો છે તે એટલા માટે કે તેમાં સ્થિતિ કરતો શ્રાવક પણ શ્રમણ સમાન થાય છે. '**समणो इव सावओ**' અને શ્રમણનું પ્રધાન લક્ષણ પણ શું છે? '**आया सामाइए.**'

**"આતમજ્ઞાની શ્રમણ કહાવે,**
**બીજા તો દ્રવ્યલિંગી રે;**
**વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે,**
**આનંદઘન મત સંગી રે"**

**—શ્રી આનંદઘનજી**

**ચતુર્વિંશતિસ્તવ**-વિશ્વની પરમ વિભૂતિરૂપ જે પરમ પુરુષો વર્તમાન ચોવીશીમાં થઇ ગયા તેઓના પાવન નામનું સ્મરણ કરતાં, તેમના ગુણોનું સંકીર્ત્તન કરતાં, તેમના પવિત્ર ચરિત્રનું વિભાવન કરતાં આપણને તે પરમ પુરુષસિંહોના-પુરુષવર પુંડરીકોના પરમપુરુષાર્થની ઝાંખી થાય છે, આત્મપરાક્રમ કરવા માટે પ્રેરણાબળ સાંપડે છે અને જેવું તે પરમાત્મ પુરુષોનું સ્વરૂપ છે તેવું જ મારું પોતાનું સ્વરૂપ છે એવું આત્મભાન જાગૃત થાય છે.

શ્રીમાન્ **યશોવિજયજી**એ આ ભગવદ્ભક્તિની પ્રશંસા કરી છે કેઃ—

**सारमेतन्मया लब्धं, श्रुताब्धेरवगाहनात् ।**
**भक्तिर्भागवती बीजं, परमानंदसंपदाम् ॥**

**—દ્વાત્રિંશતદ્વાત્રિંશિકા.**

"શ્રુતસમુદ્રનું અવગાહન કરતાં મને આ સાર મળ્યો છેઃ ભગવંતની ભક્તિ પરમાનંદ સંપદાઓનું બીજ છે."

આ ભગવંતના વંદન આદિ કેવા વિવેક-વિનયપૂર્વક કરવા જોઇએ તે માટે શ્રીમાન્ **હરિભદ્રસૂરિજી** પ્રકાશે છે.

**"स्थानकालक्रमोपेतं, शब्दार्थानुगतं तथा ।**
**अन्यासंमोहजनकं, श्रद्धासंवेगसूचकम् ॥**

---

કર્મક્ષય નીપજાવીને યોગીંદ્રને મોક્ષદાયક કેવલજ્ઞાન ઉપજાવે છે.

"આ સમસ્ત જગત અવશ્ય કર્મને વશ છે તેથી 'આ મેં કર્યું' એવો મદ કદી પણ કરવો નહી. અજ્ઞજનો કાર્ય સધાય ત્યારે આ મેં કર્યું એમ બોલીને અભિમાન કરે છે, અને તે કાર્ય ન સધાય ત્યારે દૈવને દોષ આપે છે."

—( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रोल्लसद्भाववरोमाञ्चं वर्धमानशुभाशयम्।
अवनामादिसंशुद्धमिष्टं, देवादिवन्दनम् ॥"
—શ્રી યોગબિન્દુ.

અર્થાત્—

સ્થાન-કાલ અને ક્રમથી જે યુક્ત હોય,
શબ્દ અને અર્થને જે અનુવર્ત્તતું હોય,
બીજાને જે સંમોહ ન ઉપજાવે એવું હોય,
શ્રદ્ધા અને સંવેગ જે સૂચવતું હોય,
ભાવથી જેમાં રોમાંચ ઉલ્લસતા હોય,
જેમાં શુભાશય વર્ધમાન થતો હોય,
પ્રણિપાત આદિથી જે સંશુદ્ધ હોય.
એવું દેવાદિવંદન ઇષ્ટ છે.

**પ્રત્યાખ્યાન**—પરપરિણતિથી નિવૃત્ત થવું તેનું નામ પ્રત્યાખ્યાન. તેવી પરિણતિના ત્યાગનો અભ્યાસ નાના પ્રકારના શાસ્ત્રોક્ત પચ્ચખ્ખાણથી થાય છે.

**સ્વાધ્યાય**—આ શબ્દ જ અત્યંત સૂચક છે. સ્વ + અધ્યાય,–આત્મસ્વરૂપનો અભ્યાસ કરવો તે સ્વાધ્યાય. સત્શાસ્ત્રના વાંચન–મનન–પરાવર્ત્તન આદિ સ્વાધ્યાયના અનેક પ્રકાર ઉદ્દિષ્ટ સાધ્યને જ સિદ્ધ કરે છે.

**કાયોત્સર્ગ**—કાયાનો ઉત્સર્ગ. આ દેહાદિ હું નથી, તેથી હું સર્વથા ન્યારો છું, એમ દેહાધ્યાસનું વિસર્જન કરવું, ત્યાગ કરવો; અને "મારા આત્માને આ દેહાદિના મમત્વથી વ્યુત્સૃષ્ટ કરી, વિખૂટો પાડી, વોસરાવી (अप्पाणं वोसरामि), હું પરમાત્માના અથવા શુદ્ધ આત્મસ્વરૂપના ધ્યાનમાં નિમગ્ન થાઉં છું,"—એવી ભાવનાપૂર્વક જે એકાગ્ર ચિત્તનિરોધ કરવો તે કાયોત્સર્ગ. આ કાયોત્સર્ગ આત્મશુદ્ધિનું મહાકારણ થાય છે, અને તેની ઉત્કૃષ્ટ સિદ્ધિ થતાં, દેહ છતાં જાણે દેહાતીતદશા ઉત્પન્ન થાય છે.

"દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત."
શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત શ્રી આત્મસિદ્ધિ.

## ક્ષમાપના પદ.

વસંતતિલકા છંદ.

તારા ગુના પ્રભુ ! અમે અધિકા કર્યાં છે,
ભૂલોતણા નિધિ ઘણા હૃદયે ભર્યાં છે;
સ્વાર્થાંધ થૈ હિત બહુ જનોના હર્યાં છે,
જાણ્યા છતાં નયને ઝેર સદા ઝર્યાં છે. ૧
તોડ્યાં અહો નિયમ મેં બહુ વાર લઇને,
માણ્યાં હશે અવરનાં સુખ અંધ થઇને;
ભાંગ્યાં ભલાં વચન મેં વળી કોલ દઇને,
સેવ્યા ન સત્પુરુષને વિમુખે રહીને. ૨
એ સર્વ પાપ હર દેવ ! દયા કરીને,
ભૂલે ભરેલ ગુણહીન શિશુ ગણીને;
યાચું દયા પરમદેવ ! પગે પડીને,
માગું ક્ષમા ફરી ફરી હૃદયે રડીને. ૩
રાયચંદ મૂળજી પારેખ.

"કાયાની વિસારી માયા,
સ્વરૂપે શમાયા એવા;
નિર્ગ્રંથનો પંથ,
ભવ અંતનો ઉપાય છે."
—શ્રીમદ્ રાજચંદ્રજી.

**પ્રતિક્રમણ**—આનો યત્કિંચિત્ રહસ્યાર્થ ઉપર પ્રસંગવશાત્ કહ્યો છે. પોતાના સ્વસ્થાનથી ભ્રષ્ટ થઇને જે આ જીવ પરસ્થાનમાં ગયો છે તેનું તેના મૂળસ્થાન પર ગમન, તેનું નામ પ્રતિક્રમણ. તે સ્થાને ગમન ક્યારે થાય ? જો કર્મમલની વિશુદ્ધિ થાય તો. અને તે કર્મમલની વિશુદ્ધિ કેમ થાય ? જો સાચા અંતરંગ પશ્ચાત્તાપરૂપ જલથી સ્વકૃત પાપનું પ્રક્ષાલન થાય તો. એટલા માટે પ્રતિક્રમણ ક્રિયામાં પાપની આલોચના કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" पडिसिद्धाणं करणे,
किच्चाणमकरणे य पडिक्कमणं।
अस्सद्दहणे य तहा,
विवरीयपरूवणाए य ॥ "

" પ્રતિષિધ્ધ વસ્તુઓના કરવામાં, કર્તવ્યોના નહિ કરવામાં, અસદ્દહણા-અશ્રધ્ધામાં, અને વિપરીત પ્રરૂપણામાં-એમ જે દોષ લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ હોય છે."

પ્રતિક્રમણને શ્રીમાન્ મહામતિ **હરિભદ્રાચાર્યજીએ તૃતીય ઔષધની** ઉપમા આપી છે.

"प्रतिक्रमणमप्येवं, सति दोषे प्रमादतः ।
तृतीयौषधकल्पत्वाद्विसंध्यमथवासति ॥

—શ્રી યોગબિંદુ.

" પ્રમાદથી દોષ થયો હોય વા ન થયો હોય, તો પણ પ્રતિક્રમણ તૃતીય ઔષધ તુલ્ય હોવાથી, બન્ને સંધ્યા સમયે કર્તવ્ય છે." ત્રીજા પ્રકારનું ઔષધ રોગ હોય તો દૂર કરે છે અને ન હોય તો રસાયનપણે પરિણમે છે. તેમ પ્રતિક્રમણ પણ દોષ થયો હોય તો દૂર કરે છે, અને ન થયો હોય તો પણ આત્મધર્મની પુષ્ટિરૂપ રસાયનપણાને પામે છે.

**ક્ષમાપના**—હું સર્વ જીવને ક્ષમા આપું છું, સર્વ જીવો મને ક્ષમા આપો; મારે સર્વભૂત માત્ર પ્રત્યે મૈત્રીભાવ છે, મારે કોઇ સાથે વૈર નથી.

"खामेमि सव्वे जीवा, सव्वे जीवा खमंतु मे ।
मित्ति मे सव्वभूएसु, वेरं मज्झं न केणइ ॥"

એવી ક્ષમાપનાની શુધ્ધ ભાવનાથી પાપપ્રાગ્ભાર લઘુ-હળવો થવાથી આત્મા સ્ફૂર્ત્તિમાન્ થાય છે, અને આશયની સ્ફીતતા તથા વિશાળ ચિત્તતા પ્રગટે છે. અથવા પ્રકારાંતરે પ્રભુ પાસે નિજ દોષપ્રકાશનપૂર્વક ક્ષમા યાચવી તે પણ ક્ષમાપનાનો સુંદર પ્રકાર છે. જેમકે—

"હે ભગવન્! હું બહુ ભુલી ગયો. મેં તમારાં અમૂલ્ય વચનોને લક્ષમાં લીધા નહિં. મેં તમારા કહેલા અનુપમ તત્ત્વનો વિચાર કર્યો નહિં. તમારા પ્રણીત કરેલા ઉત્તમ શીલને સેવ્યું નહિં. તમારા કહેલા દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યા નહિં.

હે ભગવન્! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબણામાં પડ્યો છું.

હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું.

પરમાત્મા! તમારા કહેલા તત્ત્વ વિના મારો મોક્ષ નથી.

હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું, અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી, અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું.

નિરાગી પરમાત્મા! હવે હું તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું.

મારા અપરાધ ક્ષય થઇ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે.

આગળ કરેલા પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું.

જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઉતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.

તમે નિરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો.

હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું.

એક પળ પણ તમારા કહેલા તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ.

હે સર્વજ્ઞ ભગવન્! તમને હું વિશેષ શું કહું? તમારાથી કંઇ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું."

શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત મોક્ષમાળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મુનિસુંદરસૂરિ.

લેખક : શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઈ
B. A. LL. B Advocate.

( ગતાંક પૃષ્ઠ ૨૭થી શરૂ )

## આવી પરિસ્થિતિમાં જૈનોની પ્રવૃત્તિ-

જૈન આચાર્યો-સાધુઓએ તેમ જ શ્રાવક ધનપતિઓએ રાજ્યકર્ત્તાઓની સાથે મુખ્યત્વે કરી સર્વદા અને સર્વથા મીઠો સંબંધ રાખી ઘણી દક્ષતાથી કાર્ય લીધું છે અને તેમની પ્રસન્નતા સાચવી પોતાનાં ધર્મકૃત્યો માટે તેમની સહાય, સહાનુભૂતિ અને સંમતિ મેળવીને કાર્ય લીધું છે. આ જાતની ખાત્રી માટે ઉપર જણાવેલા સુલતાન અને રાજાઓના સમયમાં જૈનોએ જે જે કાર્ય કરેલાં છે તે જોઇશું.

ગૂજરાતના ઝફરખાન અને અહમદશાહ બંને કટ્ટર મુસ્લિમ હોઇ મૂર્ત્તિભંજક હતા. આ ઝફરખાનને શિલાલેખ અને તત્કાલીન ગ્રંથોમાં હિંદુઓએ દફરખાન તરીકે ઓળખાવ્યો છે. તેણે એમ કહેવાય છે કે, આપણા ચરિત્રનાયક મુનિસુંદરને ખંભાતમાં 'વાદિગોકુલસંડ'-'વાદિગોકુલસંકટ' એ બિરૂદ આપ્યું હતું.[1] આ દફરખાન-ઝફરખાં-જફરખાંએ હિંદુઓનું તીર્થધામ-સોમનાથનું શિવમંદિર ત્રીજી વખત સં. ૧૪૫૪માં નાશ કર્યું એટલું જ નહિ

૧.(૧) ધર્મસાગર ઉ૦ની સં. ૧૬૪૭ લગભગની પટ્ટાવલી કહે છે કે "स्तंभतीर्थे दफरखानेन 'वादिगोकुलषण्ड' इति भणितः। એટલે ખંભાતમાં દફરખાને આ 'વાદિગોકુલમાં સાંઢ' છે એમ કહ્યું હતું. (૨) સં. ૧૬૭૨ ને સં. ૧૬૮૫ વચ્ચે રચાયેલા દેવવિમલ ગણિના સટીક હીરસૌભાગ્ય મહાકાવ્યના સર્ગ ૧૪, શ્લોક ૨૦૪માં હીરવિજયસૂરિને અકબર બાદશાહે જગદ્ગુરુ એ બિરુદ આપ્યું એ કહેવા સાથે ઉદાહરણ આપે છે કેઃ 'यथा दफरखानेन स्तंम्भतीर्थे प्रमोदतः। मुनिसुन्दरसूरीन्द्रो वादिगोकुलसंकट ॥ -જેમ ખંભાતમાં તે શહેરના ધણી દફર નામના ખાન-યવનાધિપતિએ પ્રમોદથી (સહસ્રાવધાની) મુનિસુંદર નામના આચાર્યચંદ્રને 'વાદિગોકુલસંકટ' એવું બિરુદ આપ્યું તેમ. (૩) આ પરથી ઋષભદાસના સં. ૧૬૮૫માં રચાયેલા હીરવિજયસૂરિ રાસમાં પૃ. ૧૨૨માં કથેલ છે કેઃ

ત્રંબાવતી નગરીમાં જોય,
દફરખાન તવ હાકિમ હોય;
મુનિસુંદર સૂરીશ્વર જેહ,
જીતે વાદ દિગંબર તેહ.
'વાદીગોકલસાંઢ' બિર્દ થાય,
તિમ તિહાં બોલ્યો અકબરશાહ,
'જગતગુરુ' વર બિરુદ તે દેહ,
હીરતણી શોભા વાધેહ.

આ દફરખાન તે જ ઝફરખાન. શ્રી ઓઝાજી પણ જણાવે છે કે 'કુંભલગઢની પ્રશસ્તિમાં એવું કથન છે કે-રાજાઓના સમૂહને હરાવનાર પત્તન (પાટણ)ના સ્વામી દફરખાન(જફરખાં)પણ જેનાથી કુંઠિત થયેલ તે શકસ્ત્રીઓને વૈધવ્ય દેનાર (ઇડરનો રાજા) રણમલ પણ આ ક્ષેત્રસિંહ (મેવાડના રાણા ખેતા)ના કારાગારમાં બિછાનું પણ પામી ન શક્યો. પછી ટિપ્પણીમાં બતાવે છે કે 'તે ઇડરના રાજા રણમલ સાથે બે વાર લડ્યો હતો. બીજી લડાઇ સને ૧૩૯૭ (સં. ૧૪૫૪)માં થઇ કે જેમાં રણમલ સાથે સંધિ કરી તેને પાછા ફરવું પડયું. તે સમયની આસપાસ દિલ્હીથી સ્વતંત્ર થઇ મુજફ્ફર નામ ધારણ કર્યું હતું.'-રાજપૂતાનેકા ઇતિહાસ પૃ. ૫૬૬.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ જૈનોનું તીર્થધામ–શત્રુંજય તીર્થ અને તેના મુખ્ય નાયક આદિનાથના બિંબનો ભંગ સં. ૧૪૬૩માં કર્યો હતો.[1]

[ આ બિંબ સમરશાહે મૂળ બિંબ અલાઉદ્દીન ખીલજીના સમયમાં ખંડિત થતાં સં. ૧૩૭૧માં સ્થાપિત કરેલું હતું. તેનું મસ્તક મ્લેચ્છોએ એટલે ઉક્ત દફ્રખાને પુનઃ ખંડિત કર્યું, તેનો ઉદ્ધાર કર્માશાહે ગૂજરાતના સુલતાન બહાદુરશાહનું ફર્માન મેળવી. બિંબ કરાવી, તેના સ્થાને પધરાવી સં. ૧૫૮૭ના વૈશાખ વદિ ૬ રવિવારને દિને વિદ્યામંડનસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી કર્યો. જુઓ શ્રી જિનવિજયસંપાદિત શત્રુંજયોધ્ધાર પ્રબંધ ].

અહમદશાહે સોમસુન્દરસૂરિના શિષ્ય કર્ણાવતી રાજધાની ( આસાવલ–અમદાવાદ )ના શ્રાવક ગુણરાજને માન આપ્યું હતું અને તેને સંઘ લઇ તે સૂરિ સાથે શત્રુંજય તીર્થની યાત્રા કરવાની ઇચ્છા થતાં ત્યાં જવા માટે ખાસ ફરમાન કરી આપ્યું હતું અને માણસો વગેરે સામગ્રી પૂરી પાડી હતી.[2]

અમદાવાદમાં આ પાતશાહનો માન્ય એવો સોની સમરસિંહ સોમસુંદરસૂરિનો ભક્ત હોઇ તેમના વચને સિધ્ધાચલની યાત્રાએ આવ્યો, અને પછી ગિરિનાર યાત્રા કરી ત્યાંના કલ્યાણત્રયના વસ્તુપાલ મંત્રીના જીર્ણ થયેલા મંદિરનો ઉધ્ધાર પોતાના ભત્રીજા માલદેવની સાથે વિચાર કરી કર્યો ને તે કલ્યાણત્રય ચૈત્યમાં પ્રૌઢપ્રતિષ્ઠા સોમસુંદર ગચ્છનાયકના વચનથી જિનકીર્ત્તિસૂરિએ કરી. ( સો. સૌ. ૯, શ્લોક ૭૪ થી ૮૦ ).

મેવાડના લાખા રાણાનાં પ્રીતિ અને માન ઇડરના ઓસવાલ શ્રાવક સંઘવી વચ્છરાજના બીજા પુત્ર નામે વીસલે દેઉલપાટકમાં નિવાસ કરી મેળવ્યાં હતાં.[3] તેના 'વિજયરાજ્ય સમયે આસલપુર દુર્ગમાં શ્રી પાર્શ્વનાથ ચૈત્યનો જીર્ણોધ્ધાર થયો ' એવા આશયનો સં. ૧૪૭૫ આષાઢ સુદિ ૩ સોમવારનો શિલાલેખ મળે છે. ( ઓઝાજી રા. ઇ. પૃ. ૫૮૧ ૨) તેના અને તેના પુત્ર મોકલ રાણાના સમયમાં ઉક્ત વીસલની વિનતિથી અને તેણે કરેલા ઉત્સવપૂર્વક સોમસુંદરસૂરિએ વિશાલરાજને વાચકપદ આપ્યું. વળી વીસલે ચિતોડમાં શ્રેયાંસનાથનું ભવ્ય મંદિર બંધાવ્યું. તેમાં ઉકતસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી. તેના પુત્ર ચંપકે પોતાની માતા ખીમાઇના કહેવાથી ૯૩ આંગલનું એક પાર્શ્વજિન બિંબ કરાવી તેને બે કાઉસ્સગીયા સાથે મંદિરમાં સ્થાપિત કરી, તે મંદિરનું નામ 'મનોરથકલ્પદ્રુમ' આપ્યું ને તેમાં પ્રતિષ્ઠા ઉકત સૂરિએ કરી ( આ મંદિર હાલ હયાત નથી ). વળી ચંપકે કરેલા ઉત્સવપૂર્વક જિનકીર્ત્તિ વાચકને સૂરિપદ, કેટલાક મુનિઓને પંડિતપદ અને ઘણાને મુનિદીક્ષા આપી. (સોમસૌભાગ્ય કાવ્ય સર્ગ ૯.)

---

૧ વિ. સં. ૧૪૬૩ શ્રી શત્રુંજયે દપરખાનેન (દફરખાનેન) તદ બિંબ તીર્થભંગશ્ચ કૃતઃ ॥ ભાંડારકર રિપોર્ટ

૨ શ્રીમદહમ્મદસુરત્રાણદત્તફુરમાણ સાધુશ્રી ગુણરાજસંઘપતિ–સાહચર્યકૃતાશ્ચર્યકારિ દેવાલયાડંબરપુરઃસરશ્રીશત્રુંજયાદિતીર્થયાત્રેણ–રાણકપુરનો સોમસુંદરસૂરિની પ્રતિષ્ઠાનો સં. ૧૪૯૬નો લેખ. જિ. ૨, ૩૦૭. ગુણરાજની આ યાત્રા સંબંધી વિસ્તાર માટે જુઓ સં. ૧૫૨૪નું સોમસૌભાગ્ય કાવ્ય સર્ગ ૮ સં. ૧૪૬૬ ની ગુર્વાવલી, શ્લોક ૩૪૮ ને ૩૪૯, જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ ટિ. ૪૪૪ પૃ. ૪૫૪.

૩ શ્રીમદ્દેઉલવાટકેऽથ નિવસન્ શ્રીલક્ષભૂમિપતેર્માન્યઃ પુણ્યવતાં સુવર્ણમુકુટઃ સંઘાધિપો વીસલઃ
—ગુણરત્નસૂરિના ક્રિયારત્નસમુચ્ચયની પ્રશસ્તિ શ્લોક ૮

तत्रास्ति लक्षभूपप्रसादपात्रं पवित्रचित्रगुणः ।
साधुर्वीसलनामां बहुधामा दातृसुत्रामा ॥

સોમસૌભાગ્ય. ૯,૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે મોકલ રાણાનું બહુમાન ઉપર્યુક્ત શ્રાવક ગુણરાજનો પુત્ર બાલ પામ્યો હતો[1], અને તે ગુણરાજે તે રાણાના આદેશથી અને ઘણા પ્રસાદથી ચિતોડના જૈન કીર્ત્તિસ્તંભ પાસેના જૈન પ્રાસાદનો ઉધ્ધાર કર્યો અને તેમાં સોમસુંદરસૂરિએ સં. ૧૪૮૫ માં પ્રતિષ્ઠા કરી (ચિત્રકૂટ મહાવીરપ્રાસાદ પ્રશસ્તિ સં. ૧૪૯૫. પ્ર. રો. એ. જર્નલ પુ. ૩૩, નં. ૬૩, પૃ. ૪૨ થી ૬૦)

કુંભા રાણાના રાજ્યના બીજા જ વર્ષે સં. ૧૪૯૧ ચૈત્ર શુદિ ૧૧ શુક્રે તપાગચ્છના જયશેખરસૂરિએ દેઉલવાડા નગરે ગચ્છાચારની પ્રત લખાવી (શ્રી કાપડીઆ કેટલોગ ૧, ૩૩૨). તે નગરમાં (સં. ૧૪૯૩ માં) દેવગિરિના શ્રેષ્ઠી મહાદેવ દર્શનાર્થે આવ્યો. તેની વિનંતિથી ને તેણે કરેલા ઉત્સવપૂર્વક સોમસુંદરસૂરિએ રત્નશેખરને વાચકપદ આપ્યું. રાજાના માનીતા મહાદેવ શ્રેષ્ઠીએ સમસ્ત તપાગચ્છને વસ્ત્રોની પહેરામણી કરી હતી અને સ્વામીવાત્સલ્ય અને પ્રભાવનાઓ પણ ઘણી કરી હતી.

કુંભારાણાના રાજ્યમાં ભિન્ન ભિન્ન ધર્મના લોકોએ અનેક મંદિર બંધાવ્યાં છે. 'તેણે વસાવેલા રાણપુર નગરમાં (રાણકપુરમાં) તેના રાજ્યમાં તેના પ્રસાદપાત્ર પોરવાડ સંઘપતિ ધરણાક કે જેણે સુલતાન અહમ્મદનું ફરમાન લેનારા એવા (ઉક્ત) સાધુ (સાહ) ગુણરાજ સાથે આશ્ચર્યકારી દેવાલયોના આડંબર સહિત શ્રી શત્રુંજયાદિ યાત્રાનાં સ્થળોએ યાત્રા કરી હતી. અજારી, પીંડવાડા (બંને હાલ સીરોહી રાજ્યમાં), સાલેરા (ઉદયપુર રાજ્યમાં) વગેરે સ્થળોએ નવાં જૈન મંદિરો (બંધાવીને) તથા જૂનાં દેવાલયોનો ઉધ્ધાર કરીને, જૈન દેવોની પદસ્થાપના કરીને, દુષ્કાળ સમયે અન્નક્ષેત્રો ખોલીને અનેક પરોપકાર ને સંઘસત્કાર આદિ અગણ્ય પુણ્યના મોંઘા કરિયાણાથી ભરેલું જેનું જીવનરૂપી વાહન (વહાણ) સંસારસમુદ્રને તરવાને શક્તિમાન થયું હતું તેણે ઉક્ત કુંભકર્ણ રાજાના સુપ્રસાદ અને આદેશથી 'ત્રૈલોક્યદીપક' નામનું ચોમુખ યુગાદીશ્વર વિહાર-મંદિર સં. ૧૪૯૬માં કરાવ્યું અને શ્રી દેવસુંદરસૂરિના પટ્ટધર શ્રી સોમસુંદરસૂરિએ તેમાં પ્રતિષ્ઠા કરી.[2] (જિ. ૨. નં. ૩૦૭) આ રાણાના ખજાનચી વેલાએ સં. ૧૫૦૫માં ચિતોડમાં શ્રી શાંતિનાથનું એક સુંદર મંદિર બંધાવ્યું. અને તેમાં ખરતરગચ્છના જિનસેન(?)સૂરિએ પ્રતિષ્ઠા કરી –કે જેને હાલમાં 'શૃંગારચૌરી' કહેવામાં આવે છે. તેમજ વસંતપુર આદિમાં જૈન મંદિરો થયાં. આ પરથી જણાય છે કે કુંભાના રાજ્યકાલમાં જૈન પ્રજા સંપન્ન હતી. વિશેષમાં આ દાની રાણાએ સં. ૧૫૦૬ અષાઢ શુદિ ૨ નો શિલાલેખ કે જે આબુ પરના વિમલવસતિ ને લુણિ-

---

૧ श्रीमोकलः क्षितिपतिर्बहुमन्यते स्म यं चित्र-कूटवसतिं व्यवसायहेतोः ॥३९॥ चि० प्र०

૨ विक्रमतः १४९६ संख्यवर्षे...राणाश्री कुंभकर्णसर्वोर्वीपति सार्वभौमस्य विजयमानराज्ये तस्य प्रसादपात्रेण.. श्रीमदहम्मदसुरत्राणदत्तफुरमाण साधु-श्रीगुणराजसंघपतिसाहचर्ये कृताश्चर्यकारिदेवालया-डंबरपुरःसर श्रीशत्रुंजयादितीर्थयात्रेण। अजाहरी पिंडवाटकसालेरादि बहुस्थानननवीनजैनविहार जीर्णोद्धारपदस्थापनाविषमसमयसत्रागारनाना-प्रकारपरोपकारश्रीसंघसत्काराद्यगण्यपुण्यमहार्थक्रयाणकपूर्यमाणभवार्णवतारणक्षममनुष्यजन्मयानपात्रेण प्राग्वाटवंशावतंस सं.......धरणाकेन...राणपुरनगरे राणा श्रीकुंभकर्णनरेंद्रेण स्वनाम्ना निवेशिततदीय सुप्रसादादेशतस्त्रैलोक्यदीपकाभिधानः श्रीचतुर्मुख-युगादीश्वरविहारः कारितः प्रतिष्ठितः [श्री देव-सुंदर] सूरि (पट्टप्रभा)कर...श्री सोमसुंदरसूरिभिः॥ જિ. ૨, નં. ૩૦૭. આ લેખ સમજવામાં શ્રી ઓઝાજી જરા ભૂલ ખાઇ ગયા છે. જુઓ તેમનો રાજપૂતાને કા ઇતિહાસ ટિપ્પણી પૃ. ૬૨૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચારિત્રસેવનની દુષ્કરતા અને નારકયાતનના અસર-
કારક વર્ણનને સૂચવતું માતપિતાના સંવાદરૂપે

# શ્રી મૃગાપુત્રચરિત્ર.

આ મૃગાપુત્રીય નામનું અધ્યયન ભગવાન્ **સુધર્માસ્વામી** પોતાના શિષ્ય **જંબૂસ્વામીને** કહે છે, જે ઉત્તરાધ્યયન સૂત્રના ૧૯મા અધ્યયનના આધારે ભવ્ય જીવોને ઉપકારક ધારી આપવામાં આવે છે. **મૃગાપુત્ર**કુમાર દોગુંદક દેવની માફક ભોગસુખ ભોગવી રહ્યો છે. એક વાર માર્ગમાં વિચરતા એવા શીલગુણસંપન્ન સાધુમહાત્માઓને જોઇ પોતાને પૂર્વભવનું સ્મરણ થઇ આવતાં જાતિસ્મરણજ્ઞાન થયું, અને સંસાર પરથી ઉદ્વિગ્ન થવાથી માતાપિતાને ચારિત્ર લેવાને વિનવે છે. માતાપિતા સંયમની -મૂલ ઉત્તરગુણરૂપ પાંચ મહાવ્રતાદિને જિંદગી પર્યંત પાળવાની અતિ દુષ્કરતાને વર્ણવે છે. મૃગાપુત્ર કહે છે કે-તે એ જ પ્રમાણે છે અને પોતે નરક તિર્યંચ ભવમાં અનુભવેલા દારુણ દુઃખોનું હૃદયદ્રાવક વર્ણન કરે છે. છેવટે માતાપિતા પ્રવ્રજ્યાની અનુજ્ઞા આપે છે. ઉક્ત વર્ણનમાંથી બહુ બહુ પ્રકારે શિક્ષા લઇ શકાય તેમ છે. આનું એકાંતમાં સમ્યક્ પર્યાલોચન કરતાં ક્ષણભર માટે પણ સંસાર-પરથી ઉદ્વિગ્નતા આવ્યા સિવાય રહે નહિ. સંયમની પાંચ મહાવ્રતાદિની સુકરતાને ભજી-સમજી બેઠેલા એની દુષ્કરતાને ઓળખે-સમજે અને દ્રવ્યક્ષેત્રકાળાદિ અનુસારે સૌ સૌના ઉપયુક્ત ભાવે રહી સફળતાને આણે એજ.

લેખક : **પુણ્યવિજય** ( **સંવિજ્ઞપાક્ષિક** )

સુગ્રીવ નામના નગરમાં **બલભદ્ર** નામે રાજા હતો. તેને મૃગા નામની મુખ્ય પટ્ટરાણી હતી. તે બલભદ્ર તથા **મૃગારાણીનો બલશ્રી** નામે પુત્ર હતો. માબાપે તેનું નામ **બલશ્રી** નામ રાખ્યું હતું, પણ લોકમાં મૃગા મહારાણીનો પુત્ર હોવાથી **મૃગાપુત્ર** નામે પ્રખ્યાત હતો અર્થાત્ લોકો તેને મૃગાપુત્ર કહીને જ બોલાવતા હતા. માતાપિતાને અતિ વહાલો એવો કુમાર યુવરાજ એટલે યુવાનાસ્થામાં જ રાજપદધારી થયો હતો. કુમાર પોતાના નંદન નામના પ્રાસાદમાં સ્ત્રીઓ સહિત નિત્ય મુદિત મનવાળો દોગુંદક દેવની પેઠે ક્રીડા કરે છે. હર્ષયુક્ત મનવાળો એવો તે મૃગાપુત્ર મણિ અને રત્નથી જડિત ગોખમાં સ્થિત થયેલો નગરનાં ચતુષ્ક, ચકલા, ત્રિક-ત્રભેટા અને ચત્વર-ચોતરાઓને અવલોકતો હતો તેવામાં ત્યાં માર્ગમાં ચાલ્યા આવતા, તપ, નિયમ અને સંયમને ધારણ કરતા શીલસંપન્ન અને ગુણોની ખાણરૂપ રત્નત્રયને ધારણ કરનારા એવા શ્રમણ-મુનિને દેખ્યા. મૃગાપુત્ર અનિમિષિત દૃષ્ટિથી તે મુનિને જોઈ રહ્યા. મનમાં વિચાર કરે છે કે-ક્યાંક આવું

---

ગવસતિ જૈન મંદિરોની વચ્ચે ચોકમાં છે તે કરી આપ્યો હતો કે આબૂના જાત્રાળુ આદિ પાસેથી જે 'દાણ' (રાહદારી,જગાત), મુંડિક (મુંડિઉં-માથાદીઠ લેવાતો કર), વલાવી (માર્ગરક્ષાનો કર) તથા ઘોડા બળદ આદિ પર જે કર લેવામાં આવતો હતો તે માફ કરવામાં આવ્યો છે. ( જુઓ પૃ. ઓઝાજીકૃત રાજપૂતાનેકા ઇતિહાસ ૬૨૫, ૬૩૦) આ મેવાડપતિ શ્રી કુંભકર્ણ રાજા **સોમ-દેવસૂરિની નવીન** કાવ્યકલાથી હર્ષ પામી **શ્રી હર્ષથી** પણ અધિક કવિ તરીકે તેમને માન આપતા હતા. (સો. સૌ. ૧૦,૩૮)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપ મેં પ્રથમ જોયેલું છે. એમ તેને લાગ્યું.

મુનિને જોઇને હર્ષયુક્ત મનવાળો થયો સતો પૂર્વે પરિચિત હોય તેમ મનમાં માનવા લાગ્યો. તે કુમારને સાધુનાં દર્શન માત્રમાં કયાંક આ સાધુને મેં જોયેલ છે આવું ચિંતન થતાં ઊંડા વિચારમાં પડી મૂર્છા આવી. એ મૂર્છામાં જ જાતિસ્મરણ થઇ આવ્યું, એટલે પૂર્વભવનું સ્મરણજ્ઞાન થઇ આવ્યું. અને હું દેવલોકથી ચ્યવીને આ મનુષ્યભવમાં આવ્યો છું એવો નિરધાર થયો. એ રીતે જાતિસ્મરણ સમુત્પન્ન થયું ત્યારે મોટી ઋદ્ધિવાળા એવા મૃગાપુત્રે મેં પૂર્વભવે શ્રામણ્ય–ચારિત્રને પાળ્યું છે એમ સ્મરણ કરવા લાગ્યા. વિષયોમાં પ્રીતિ વિનાનો માત્ર સંયમમાં જ રંજિત એવો મૃગાપુત્ર માતાપિતા પાસે આવી આ પ્રમાણે વચનો કહેવા લાગ્યો.

હે માતાપિતા ! મને પાંચ મહાવ્રતો પૂર્વજન્મમાં સાંભળ્યા છે. વળી નરકોમાં તથા તિર્યંચ યોનિમાં થતાં દુઃખો મેં ભોગવ્યા છે તેથી હું વિષયોની અભિલાષાથી નિર્વિણ્ણકામ થયો છું. હું આ મહાર્ણવ તુલ્ય સંસારસમુદ્રથી પ્રવ્રજિત થઇશ. સંસારસમુદ્રને તરીશ માટે તમો મને દીક્ષા ગ્રહણ કરવાની આજ્ઞા આપો.

હે માતપિતા ! વિષના ફળની જેને ઉપમા દેવાય તેવા મેં ભોગો ભોગવ્યા કે જે પાછળથી કડવા વિપાકવાળા હોય છે અને ઉત્તરોત્તર દુઃખને લઇ આવનારા છે.

આ શરીર અનિત્ય છે. અશુચિ–અપવિત્ર મળમૂત્રાદિકની જેમાંથી ઉત્પત્તિ થાય તેવું છે. વળી અશાશ્વત–નશ્વર પદાર્થના આવાસરૂપ છે અને જન્મ, જરા, મૃત્યુ વિગેરે અને ધનહાનિ, સ્વજનવિયોગ રોગાદિકના ભાજનરૂપ છે.

હે માતાપિતા ! આ અશાશ્વત શરીરને વિષે હું રતિ પામતો નથી, મને સ્વસ્થતા અનુભવાતી નથી. આ શરીર એવું છે કે ભોગ ભોગવી રહ્યા પછીની વૃદ્ધાવસ્થામાં અને ભોગ ભોગવ્યા જ ન હોય એવી બાલ્યાવસ્થામાં પાણીમાં થતાં ફીણના પરપોટા સમાન જોતજોતામાં નાશ પામનારું છે. એવા આ શરીરમાં મને રતિ–પ્રીતિ થતી નથી.

હે અમ્માતાય ! રોગ, કફ, વાત, પિત્ત અને જરા, મરણવડે ગ્રસ્ત એવા આ મનુષ્યપણામાં મને એક ક્ષણ પણ ગમતું નથી.

હે માતપિતા ! નિશ્ચયે સંસાર દુઃખહેતુ જ છે. અહો ! આશ્ચર્ય છે કે જે સંસારમાં જીવો કલેશ પામે છે, સંસારમાં જન્મ પામવો એ દુઃખ, વળી જરા અવસ્થામાં દુઃખ તથા આ સંસારમાં તડકા, ટાઢ, મસ્તકપીડા, જ્વર ઇત્યાદિક રોગો અને મરણ પામવાના દુઃખો આ સર્વ સંસારમાં હોવાથી સંસાર દુઃખહેતુ જ છે. જેમાં ભવભ્રમણમાં પડેલા જીવો કલેશપીડિત રહ્યા જ કરે છે.

હે માતાપિતા ! મારે પરવશ બનીને પરભવે જવાનું છે. કેમ કરીને ? ક્ષેત્ર, ગામ, વાડી વિગેરે છોડીને, ઘર, વસ્તુ, રાચરચીલું, સોના રૂપાં, પુત્ર સ્ત્રી તથા બાંધવ સગાસંબંધી ભાઇ–ભાડરું એ સર્વેને અને છેવટે આ દેહને પણ તજીને જવાનું છે.

હે માતપિતા ! જેમ કિંપાક ફળને ખાધા પછી અસર સારી થતી નથી, ઝેરની જેમ મારે છે, તે જ પ્રમાણે ભોગવેલા ભોગોનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિણામ પણ સુંદર નથી આવતો. કિંપાક ફળ જોવામાં રમણીય અને ખાવા સમયે સ્વાદિષ્ટ લાગે પણ ખાધા પછી પ્રાણનો નાશકર્તા નીવડે છે, તેમ વિષય સુખો પણ તેવા જ છે.

હે માતાપિતા ! જે પુરુષ લાંબી મુસાફરીએ ભાતું સાથે લીધા વિના જાય છે તે જતાં જતાં ભૂખતરસથી પીડાઇને બહુ દુઃખી થાય છે. એ જ પ્રમાણે ધર્મ કર્યા વિના જે પુરુષ પરભવે જાય છે તે જાતો જાતો વ્યાધિઓ તથા નાના પ્રકારના રોગોવડે પીડિત થઇને બહુ દુઃખી થાય છે.

હે માતાપિતા ! જે પુરુષ લાંબે પંથે સાથે પુષ્કળ ભાતું લઇને ચાલે છે તે પુરુષ ક્ષુધાતૃષાથી વિવર્જિત થઇને માર્ગે જતાં સુખી થાય છે. એવી જ રીતે ભાતું સાથે લઇ મુસાફરીએ જનાર પુરુષના દષ્ટાંતાનુસારે જે મનુષ્ય ધર્મ કરીને પરલોકે જાય છે તે ધર્મારાધક પુરુષ સુખી થાય છે. તે પુરુષ અલ્પકર્મા અર્થાત્ લઘુકર્મા બનીને વેદના જેને નથી એવો અર્થાત્ અલ્પ અશુભકર્મ હોવાથી તે અલ્પ અશાતાવેદનીયવાળો થઇ સુખી થાય છે.

હે માતાપિતા ! જે ઘર અગ્નિથી બળવા લાગે ત્યારે ઘરનો જે સ્વામી કિંમતી વસ્તુઓને કાઢી લે છે અને અસાર–નજીવા પદાર્થોને છોડી દે છે. એ જ પ્રકારે આ જ દષ્ટાંતથી આ લોક જરા તથા મરણવડે પ્રદીપ્ત થયો છે, સળગી ઉઠયો છે એમાંથી તમોએ જેને અનુમતિ આપી છે એવો હું મારા આત્માને તારીશ, એ બળતામાંથી ઉગારીશ માટે હવે તમારે મને આજ્ઞા દેવી જોઇએ. હું આપ બન્નેની અનુજ્ઞા પામી ચારિત્ર ગ્રહણ કરી મારા આત્માનો ઉદ્ધાર કરીશ.

તે મૃગાપુત્ર કુમારને માતા–પિતા કહે છે કે–હે પુત્ર ! સાધુ ધર્મ અતિ દુષ્કર છે. હે પુત્ર ! ભિક્ષુને તો હજારો ગુણ ધારણ કરવા પડે છે.

હે પુત્ર ! સર્વભૂતોમાં સમતા તેમ જ જગતમાં શત્રુ અને મિત્રમાં પણ સમતા રાખવી તથા જીવિત પર્યંત પ્રાણાતિપાતવિરતિ–પ્રાણીહિંસાથી વિરામ પામવું એ દુષ્કર છે.

હે પુત્ર ! નિત્ય સર્વકાળ અપ્રમત્તપણે રહી મૃષાવાદ વિવર્જવો અને સર્વનું હિતકારક સત્ય વચન બોલવું અને એ વિષયમાં નિરંતર સાવધાનપણે તત્પર રહેવું આ સઘળું અતિ દુષ્કર છે.

હે પુત્ર ! સાધુધર્મમાં દંતશોધન–માત્ર દાંત ખોતરવાની સળી જેવું પણ અદત્ત કોઈ આપે નહિ ત્યાં સુધી લેવું નહિ અને અનવદ્ય–નિર્દોષ એષણીય આહારાદિક પદાર્થોનું જ ગ્રહણ કરવું એ પણ અતિ દુષ્કર છે.

હે પુત્ર ! કામ–ભોગના રસને જાણનારે અબ્રહ્મચર્ય–વિષયભોગની વિરતિ તથા ઉગ્ર બ્રહ્મચર્યરૂપ મહાવ્રતનું ધારણ કરવું એ અત્યંત દુષ્કર છે.

હે પુત્ર ! ધન, ધાન્ય તથા પ્રેષ્ય વર્ગ–નોકરવર્ગ વિષે પરિગ્રહનું વિશેષે વર્જન કરવું, મોહબુદ્ધિ છોડી દેવી એ પણ અતિ દુષ્કર છે, તેમ સર્વ આરંભનો પરિત્યાગ તથા કશામાં મમત્વ ન રાખવું એ પણ દુષ્કર છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "પદવી–પ્રદાન સમારંભ"



સાહિત્યભૂષણ
વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી

કવિશ્રી ખબરદારને સાહિત્યભૂષણ, શ્રી રાયચૂરાને સાહિત્યભૂષણ, શ્રી મૂળજીભાઈ પી. શાહને કાવ્યભૂષણ, જ્યોત્સ્ના બહેન શુકલને સાહિત્યમનિધિ અને વડોદરા કોલેજના પ્રો. ભટ્ટ, પ્રો. ભાવે તથા સાવલીના વકીલ શ્રી હરગોવિંદદાસને વિદ્યાભૂષણની પદવીથી નવાજનાર બનારસ શ્રી સંસ્કૃત વિદ્યામંદિર તરફથી આ સભાના માનદ્ સેક્રેટરી ભાઇ **વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી**ની ઘણા વર્ષોની સભા માટેની પ્રમાણિક સાહિત્યસેવાની કદર કરી ગઇ ગોકુળ અષ્ટમીના પવિત્ર દિવસે ભાઇ વલ્લભદાસને પણ **"સાહિત્યભૂષણ"**ની પદવી એનાયત કરવામાં આવી હતી. બનારસના આ સંસ્કૃત વિદ્યામંદિર કાર્યાલયના સંરક્ષકો તરીકે હિંદના કેટલાક મહાન ધર્માચાર્યો તથા નરેશોના નામો છે. ઘણા વર્ષોથી એકનિષ્ઠાપૂર્વક તન, મન, ધનથી આ સભાની સાહિત્ય વગેરે કાર્યોની સેવા કરી રહેલ ભાઇ વલ્લભદાસને આ સાહિત્યભૂષણની પદવી એનાયત થતાં તે માટેનો આનંદ જાહેર કરવા શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગરના તરફથી એક જાહેર મેળાવડો ગયા ભાદરવા શુદ ૧૧ સોમવારના રોજ સભાના મકાનમાં સાંજના સાડાચાર વાગે શ્રી શામળદાસ કોલેજના પ્રોફેસર અને ભાવનગરની સાહિત્યસભાના પ્રમુખ રા. રા. **રવિશંકરભાઈ એમ. જોશી** એમ. એ.ના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો.

જ્યારે પ્રોફેસર શાહ, પ્રોફેસર જાની, પ્રો. નૃસિંહમ્, રા. હિંમતલાલભાઇ, શેઠ કુંવરજી આણંદજી, રા. મોતીચંદભાઇ ઝવેરચંદ મહેતા, ડોકટર જસવંતરાય મૂળચંદ શાહ એમ. બી. બી. એસ., મહાલક્ષ્મી મીલના મેનેજર શ્રી ભોગીલાલભાઇ, વોરા ખાંતીલાલ અમરચંદ, રા. વિઠ્ઠલદાસ લોખંડવાળા, સ્ટેટ ઇજીનીયર શ્રી શાંતિલાલ ગંભીરદાસ, રા. સુશીલ, રા. પ્રાણજીવનદાસભાઇ ઉપરાંત સભાના સભાસદો અને પ્રતિષ્ઠિત ગૃહસ્થોની સારી સંખ્યામાં હાજરી હતી.

મેળાવડાની શરૂઆત કરતાં સેક્રેટરી શ્રીયુત હરજીવનદાસ દીપચંદે આમંત્રણપત્રિકા વાંચી સંભળાવ્યા બાદ શાહ દીપચંદ જીવણભાઇ બી. એ. બી. એસ.સી.ની દરખાસ્ત અને શેઠ શ્રી અમૃતલાલભાઇ છગનલાલના ટેકાથી મહેરબાન પ્રોફેસર રવિશંકરભાઇએ પ્રમુખસ્થાન સ્વીકાર્યા બાદ આ સભા પ્રમુખ શેઠ શ્રી ગુલાબચંદભાઇ આણંદજીએ નીચે પ્રમાણે પ્રાસંગિક વિવેચન કર્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનનીય પ્રમુખ સાહેબ, શ્રી અધિકારીવર્ગ, વિદ્વાનવર્ગ અને બંધુઓ,

આજે આપને આમંત્રણ શા માટે કર્યું છે તે બંધુ શ્રી હરજીવનદાસે આમંત્રણપત્રિકાવડે નિવેદન કર્યું છે. હવે આપની પાસે આજના સુપ્રસંગ સંબંધી કંઇક કહેવા માગુ છું.

શ્રી જૈન આત્માનંદ સભાને સ્થાપન થયાં ૪૬ વર્ષ થયા છે. ગુરુકૃપાથી અને આ સભાના મારા કાર્યવાહક બંધુઓના સંગઠ્ઠનથી ભાઇશ્રી વલ્લભદાસ આ સભાની જે પ્રમાણિક સેવા કરે છે તે માટે હું મુખ્ય સેવક તરીકે તેઓનો આભાર માનવા સાથે મારો આનંદ જાહેર કરું છું. આજે મારા પ્રિય બંધુ વલ્લભદાસને સભાની તેમણે વર્ષો થયા કરેલી તન, મન, ધનથી પ્રમાણિક સેવાની કદરનો આ બીજો માંગલિક પ્રસંગ છે. પ્રથમ સોળ વર્ષ પહેલાં સં. ૧૯૮૧ ની સાલમાં પંજાબના સમગ્ર જૈન સંઘે ગુરુભક્તિ તથા સેવા માટે માનપત્ર અને સોનાનો મેડલ એનાયત કર્યો હતો. આ તેની આ સભા પ્રત્યે વધતી જતી પ્રમાણિક સેવા માટે બીજો સત્કાર. અયોધ્યાનું સંસ્કૃત વિદ્યામંદિર ભાઇશ્રી વલ્લભદાસને "સાહિત્યભૂષણ" ની પદવીથી અલંકૃત કરે છે. સભાના બીજા કાર્યોમાં સભાના બીજા મારા સભ્ય બંધુઓનો ફાળો-સેવા છે પરંતુ આત્માનંદ પ્રકાશ માસિક અને આ સાહિત્યપ્રકાશન ને પ્રચાર વગેરે કાર્યોનો ફાળો તો એકલા માત્ર ભાઇ વલ્લભદાસનો જ છે. તેમને સભાએ તેત્રીશ વર્ષ પહેલાં સેક્રેટરીપદે નીમ્યા પછી તેમણે આજ સુધી સભાની સેવા અને ગુરુભક્તિ માટે સામાન્ય સ્થિતિના તેઓ હોવા છતાં તન, મન, ધનથી સેવા અર્પણ કરી છે તે જોઇ મને અને મારી સભાના સર્વ સભ્યોને તેને માટે માન ઉત્પન્ન થતાં પરમ આનંદ થાય છે. ભાઇ વલ્લભદાસને જે માન મળે છે તે સભાને અને મારા સર્વ સભાસદ બંધુઓને છે તેમ માનું છું.

ત્યારબાદ આ શહેરના **મહેરબાન નાયબ-દીવાન સાહેબ રા. રા. શ્રી નટવરલાલભાઇ માણેકલાલ સુરતીનો** આવેલ લેખિત સંદેશો વાંચી સંભળાવવામાં આવ્યો હતો. જે નીચે પ્રમાણે છે.

**રા રા. શેઠશ્રી ગુલાબચંદભાઇ આણંદજીભાઇ**

આપનું આમંત્રણ મળ્યું. બીજા વ્યવસાયને લઇને હાજર નહી રહી શકવા માટે માફી આપશો.

શ્રી જૈન આત્માનંદ સભા એક એવી સંસ્થા છે કે જેને માટે સ્થાનિક જૈન ભાઇઓ જ નહિ પરંતુ આખું ભાવનગર વ્યાજબી ગૌરવ અને અભિમાન લે. અતિ પ્રાચીન જૈન ધાર્મિક સાહિત્યની હસ્તલિખિત પ્રતોની અતિ કાળજી અને સંભાળ-પૂર્વકની સાચવણી અને તેમાંથી વિશેષ ઉપયોગી પુસ્તકોનું પ્રકાશન એ આપની સભાની સેવા કેવળ ભારતવર્ષના જ નહીં પરંતુ પશ્ચિમના પણ દેશો જ્યાં જૈન ધર્મનો અને સાહિત્યનો આદરપૂર્વક અભ્યાસ થાય છે ત્યાં સુપ્રસિદ્ધ છે. સંસ્થાની એ અણમૂલ સેવામાં તેના માનદ્ સેક્રેટરી **શ્રીયુત વલ્લભદાસભાઈ ત્રિભુવનદાસભાઇ**નો હિસ્સો નાનોસૂનો નથી. અને તેમની એ સેવાની બનારસ સંસ્કૃત વિદ્યામંદિર તરફથી માનવંતી "સાહિત્યભૂષણ"ની પદવી અર્પણ કરીને કદર કરવામાં આવી છે તે ઘણું યોગ્ય થયું છે અને તે પ્રસંગને આપણા લોકપ્રિય પ્રોફેસર સાક્ષર શ્રી રવિશંકર જોશીના પ્રમુખપણા હેઠળ મેલાવડો ભરી ઉજવવા નક્કી થયું છે તે પણ યથાયોગ્ય છે. આજના આ આનંદપ્રસંગના મેળાવડાની હું સંપૂર્ણ સફળતા ઇચ્છું છું. એજ

(સહી) **નટવરલાલ માણેકલાલ સુરતીના** વંદન

બાદ "જૈન" પત્રના અધિપતિ શેઠ દેવચંદભાઈ દામજીએ બોલતાં જણાવ્યું કે આજનો પ્રસંગ સાહિત્ય ઉપાસનાનો છે. સભાનો ઉદ્દેશ પણ સાહિત્ય-પ્રચાર અને તેનો વિકાસ છે. સભાએ લાખો શ્લોકોનું પ્રકાશન કર્યું છે. આ બધામાં પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ, મુનિરાજશ્રી ચતુરવિજયજી તથા સાક્ષરવર્ય પુણ્યવિજયજી તથા શ્રી જિનવિજયજી આદિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નો ફાળો છે તેમ શ્રીયુત્ વલ્લભદાસભાઇનો ફાળો ઘણોજ છે. આ પ્રસંગ મારે માટે પણ હર્ષદાયક છે અને એક સભ્યસ્નેહીજન તરિકે મારો હર્ષ વ્યક્ત કરી વિરમું છું.

બાદ ડો. જસવંતરાય શાહ એમ. બી. બી. એસે. બોલતાં જણાવ્યું કે-

માનનીય પ્રમુખ સાહેબ, રાજ્યના અમલદાર સાહેબો અને ગૃહસ્થો,

આજના પ્રસંગે આપણે આપણી સભાના એક વિદ્વાન્ અને સાહિત્યપ્રેમી તથા સેવાભાવી સેક્રેટરી સાહેબની બનારસ સંસ્કૃત વિદ્યામંદિરે જે કદર કરી, તેમને માનદ્ ઉપાધિ એનાયત કરવામાં આવેલી છે, તે સંબંધી આપણા અભિનંદન આપવા એકત્રિત થયા છીએ.

આપ સૌ જાણતા હશો કે બનારસ સંસ્કૃત વિદ્યામંદિર સમગ્ર હિન્દુસ્થાનની એક અજોડ સંસ્થા છે. અને કહેતા હર્ષ થાય છે કે એ સંસ્થાના પેટ્રન સાહેબોની નામાવલી હિંદુધર્મના મહાન આચાર્યો, ઉપાધ્યાયો અને રાજા-મહારાજાઓથી ભરપૂર છે. આપણા નામદાર મહારાજા સર કૃષ્ણકુમારસિંહજી પણ એ સંસ્થાના સંરક્ષકપદે બિરાજે છે.

હિંદુસ્થાનનું પ્રાચિન ગૌરવ, તથા ભારતવર્ષની સંસ્કારિતા બાહ્ય જગતમાં પ્રચારવામાં ઉપરોક્ત સંસ્થાનો હિસ્સો અણમોલ છે. પૌર્વાત્ય સંસ્કૃત ભાષામાં રહેલી વિચારસામગ્રી, તત્ત્વજ્ઞાનનો મધુરો જ્ઞાનભંડાર, ઇશ્વર સાથે એક થવા મથતા મનુષ્યનો તલસાટ, જીવનની સુંદર રૂપરેખા-આદિ સમગ્ર જીવનને સ્પર્શે તેવા વિષયોનું નિરુપણ સંસ્કૃત ગ્રંથોમાં જોઇશું. દુઃખની વાત તો એટલી જ કે આપણી સંસ્કૃત ભાષાનું મહત્ત્વ આપણે ભૂલ્યા અને પાશ્ચિમાત્ય વિદ્વાનોએ તેનું મૂલ્યાંકન કરી જ્ઞાનપ્રચાર સાધ્યો.

જ્ઞાનતૃષાનું પ્રતિક જો કોઈ હોય તો કોઇપણ સંસ્કૃત વિદ્યામંદિર છે. આ સંસ્થા સંબંધી જેટલું બોલીએ તેટલું ઓછું છે. તેની કીર્તિ, અને તેનું કાર્ય માનવજીવનના જ્ઞાનનો દીપક વધુ સતેજ બનાવે એવી આપણી અંતર્ગત ઇચ્છા હોય.

આવી સંસ્કૃત સંસ્થાએ શ્રીયુત્ વલ્લભદાસ ભાઈની સાહિત્યપ્રવૃત્તિ, સંશોધન તથા પ્રકાશન-કાર્યની કદર કરી, "સાહિત્યભૂષણ" ની પદવી એનાયત કરી છે એ ખૂબ આનંદની વાત છે. હવે આપણે શ્રી વલ્લભદાસભાઈની પ્રવૃત્તિઓને વિશેષ માનની દૃષ્ટિથી જોતા થઇશું એટલું જ નહિં, પણ તેઓને "સાહિત્યભૂષણ" માંથી "સાહિત્ય-સમ્રાટ"માં પલટાતા જોઇએ તેવું મહાભારત કામ હાથ ધરે તેવી જવાબદારી, તથા લાંબુ આયુષ્ય બન્ને મળે તેવી શુભેચ્છા રાખીએ.

શ્રીયુત્ વલ્લભદાસભાઇની સાહિત્યપ્રવૃત્તિ વેગવંત છે. આપણી સભાના બધા ય ગુજરાતી પુસ્તકોનું પ્રકાશન તેમના હાથે જ થયેલ છે. અને સંસ્કૃત તથા પ્રાકૃત પુસ્તકોના પ્રકાશનમાં પણ મુખ્યત્વે તેમનો ફાળો છે. તેમનાં સંશોધન તથા પ્રકાશનના પુસ્તકો, જેવાં કે તીર્થંકર ભગવાનના ચરિત્રો આજે ખૂબ પ્રખ્યાત છે અને તેની મુક્તકંઠે પ્રશંસા થાય છે. આપણે આપણા સેક્રેટરીની ખૂબ પ્રશંસા કરવા સાથે તેઓ તે વિષયમાં અતીવ રસ લે તેવી ઉમેદ રાખીએ, અને હર્ષ અનુભવીએ કે આપણા આવા એક સજ્જન અને જ્ઞાનભૂખ્યા પુરુષની યોગ્ય કદર થઇ. આપના અમૂલ્ય સમયનો વધુ વ્યય નહિ કરતા હવે હું બેસી જઇશ.

બાદ રા. સુશીલે બોલતાં જણાવ્યું કે-માનપત્ર આપવાની પ્રણાલિકાના અવશેષો હજૂ જળવાઇ રહ્યા છે. આપણે તો એટલું જોવાનું કે પદવી આપનાર વિદ્યાલય ગમે તે હો, પણ લેનાર વ્યક્તિ કેટલી લાયક ને પાત્ર છે તે જ વિચારવું ઘટે. એક રીતે જોઇએ તો શ્રી વલ્લભદાસે સાહિત્યસેવા સારા પ્રમાણમાં કરી છે, કારણ કે સાહિત્યમાં એકલા લખવા માત્રથી કે પ્રકાશનમાત્રથી જ સેવા નથી થતી. તેની વિધવિધ દિશાઓ છે. સાહિત્ય-સંરક્ષણ એ જૈનોનો વારસો છે. ગ્રંથો સંગ્રહવા અને પ્રકાશિત કરવા તે તો તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગળથુથીમાં જ પાવામાં આવે છે. રા. ગોવર્ધનરામભાઇએ એક વખતે કહેલું કે 'જ્યારે સાહિત્ય સૂકાઈ ગયું હતું, તેના રસકસ લગભગ ઊડી જવાની તૈયારીમાં હતા ત્યારે પણ જૈન મુનિવરોએ સાહિત્ય-સરિતા વહાવી રાખી હતી અને ઉપાશ્રયમાં બેસી નૂતન નૂતન રચના કર્યે જતા હતા. નવીન રચના કરતાં જૂનાને સંગ્રહિત ને સંરક્ષિત રાખવું તે ઓછું ઉપયોગી નથી. વલ્લભદાસભાઈમાં તે યોગ્યતા છે અને તેથી તેમને મળેલ માન યોગ્ય જ છે.

બાદ કવિ રેવાશંકર વાલજી બધેકાએ પ્રસંગોચિત વિવેચન કર્યા બાદ શ્રી ગુલાબચંદ લલ્લુભાઇ શાહે બોલતાં જણાવ્યું કે-ભાઇ વલ્લભદાસને મળેલ માન તે સભાને જ મળે છે. તેમાં સભાના દરેક સભાસદોએ ગૌરવ લેવા જેવું છે. સાહિત્ય-સેવા ઉપરાંત વલ્લભદાસભાઈમાં ભક્તિનો ગુણ છે, જે પ્રકારાંતરે સાહિત્યનો જ અંશ છે. તેઓ સાહિત્યસેવા ઉપરાંત કેળવણીમાં પણ રસ ધરાવે છે અને પાલીતાણા ગુરુકુળના વીસ વર્ષ સુધી સ્થાનિક સેક્રેટરી રહ્યા હતા. અત્રેની ઉજમબાઇ કન્યાશાળાના પણ તેઓ સેક્રેટરી છે. કોન્ફરન્સના પ્રાંતિક સેક્રેટરી તરિકે પણ તેમણે સેવા બજાવેલ છે.

બાદ સભાના ત્રીજા સેક્રેટરી શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ. એ બનારસથી આવેલ પ્રતિષ્ઠાપત્ર ગુજરાતીમાં નીચે પ્રમાણે વાંચી સંભળાવ્યો હતો.

## "સાહિત્યભૂષણ" પદવીપ્રદાન પત્રનું ભાષાંતર.

**શ્રીમાન્ વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી**
**મંત્રી, શ્રી જૈન આત્માનંદ સભા**
**ભાવનગર** ( કાઠિયાવાડ )

અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરતી વિદ્યા જ્ઞાનને પ્રગટાવે છે. અન્ય અનેક વિદ્યાઓ હોવા છતાં ભૂત, ભવિષ્ય ને વર્તમાન એ ત્રણે કાળને વિષે આ ભાષા અભ્યુદયના કારણભૂત હોઇને તે વિદ્યાનું પરમ ઉન્નતિકારક સાચું સ્વરૂપ અન્ય વિદ્યાઓની અપેક્ષાએ અતિ શ્રેષ્ઠ રીતે પ્રકાશિત કરેલ છે. જગતના ગુરુરૂપ બનેલા એવા આ આર્યાવર્તમાં સંસારના કલ્યાણને માટે આ સંસ્કૃતવિદ્યાનો પુષ્કળ પ્રચાર અત્યંત જરૂરી છે અને તે પ્રચાર સંસ્કૃત ભાષાનું પઠનપાઠન, વક્તૃત્વ, વર્તમાનપત્રદ્વારા પ્રચાર, સરળ અને શ્રેષ્ઠ ગ્રંથોનું પ્રકાશન અને તેવા પ્રકાશનોને અંગે પદવીપ્રદાન અને ઉત્તેજનાદિ કાર્યોદ્વારા શકય છે. ઉપર્યુક્ત ઉદ્દેશોને કાર્યરૂપમાં પરિણમન કરવા માટે જ આ સંસ્કૃત વિદ્યામંદિર અસ્તિત્ત્વમાં આવેલ છે.

દેવભાષાના કૃપાપાત્ર બનેલા જે કોઈ વિદ્વાન, ધર્માચાર્ય અને તેનું પરિશીલન કરનારા છે, તેઓ અમારા આ વિદ્યામંદિરને આદરણીય અને સ્નેહપાત્ર છે. હરહંમેશ આપશ્રીએ સંસ્કૃત ભાષાના વિકાસ માટે કરેલ કાર્યોને ધ્યાનમાં લઇને દ્રવ્યવિહીન અમારી આ સંસ્થા અલ્પ દ્રવ્યથી પણ તમને સત્કારવાને અસમર્થ છે છતાં પણ આ વિદ્યામંદિર પ્રભાવશાળી સુપદવીના પ્રદાન માત્રથી આપને સત્કારે છે. સાહિત્ય વિષયની આપની યોગ્યતાને લીધે પ્રસન્ન થઇને અમારું સંસ્કૃત વિદ્યામંદિર આપને "સાહિત્યભૂષણ" ની ઉપાધિથી અલંકૃત કરીને અત્યંત હર્ષિત થાય છે. તેમજ સર્વશક્તિમાન એવી મહાકાળીદેવીના બંને ચરણકમળમાં સવિનય પ્રાર્થના કરે છે કે આપની સાહિત્ય સંબંધી અભિવૃદ્ધિ ઉત્તરોત્તર વૃદ્ધિંગત થાઓ.

| | |
|---|---|
| પ્રબંધક: | મંગલાકાંક્ષી, |
| **પંડિત કાલિપ્રસાદ શાસ્ત્રી** | **રામાનુજાચાર્ય** |
| "સંસ્કૃતમ્" સંપાદક | **દેવનાયકાચાર્ય** |
| **સંસ્કૃત કાર્યાલય અયોધ્યા** | જગદ્ગુરુ |
| કૃષ્ણાષ્ટમી : ૧૯૯૮ વિક્રમાર્ક | તિરૂપત્તિ (મદ્રાસ) |

જે પ્રમુખ સાહેબના હસ્તે વલ્લભદાસભાઇને અર્પણ કરીને તે પ્રમુખસાહેબે જણાવ્યું કે–

સને ૧૯૩૦ માં હું ઓરીએન્ટલ કોન્ફરન્સ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસંગે પટણા ગયેલો. ત્યાં જે કોઇ મને મળતા તેઓ પૂછતાં કે તમારા ભાવનગરમાં શ્રી જૈન આત્માનંદ સભા અને શ્રી જૈનધર્મ પ્રસારક સભાના પ્રકાશનો તમે જોયા છે? તેણે નવા પ્રકાશનો કયા કયા કર્યાં છે? આ બધા પ્રશ્નો પરથી મને તે વખતે માલૂમ પડયું કે ભાવનગર આર્યાવર્તના આ છેડે પણ પ્રસિદ્ધિ પામ્યું છે તે તેની આ બે સાહિત્ય સંસ્થાઓને કારણે. કેટલીક વખત એવું બને છે કે જે આપણી અતિ નજીક હોય છે તેની અવગણના થાય છે અને માનવસ્વભાવ પણ એવો જ છે. વલ્લભદાસભાઇને પંદર વર્ષ પૂર્વે શ્રી પંજાબના સંઘે માનપત્ર તથા સુવર્ણચંદ્રક એનાયત કર્યો હતો તેવી જ રીતે બનારસ જેવી દૂરની સંસ્થાને કિંમત કરતી જોઇ આપણે આનંદ અનુભવીએ તે યુક્ત જ છે. સભાએ બૃહતકલ્પસૂત્ર, વસુદેવહિંડી, કર્મગ્રંથ, ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્ર ઇત્યાદિ, સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથો અને કુમારપાળ પ્રતિબોધ, મહાવીરચરિત્ર, વાસુપૂજ્યચરિત્ર ઇત્યાદિ ગુજરાતી ગ્રંથો મળી આશરે બસો પુસ્તકોનું પ્રકાશન કર્યું છે અને તેમાં મુખ્યત્વે ફાળો શ્રી વલ્લભદાસભાઇનો છે. આવા પ્રસંગો પ્રોત્સાહન અર્પે છે અને તેથી આવા અભિનંદનના મેલાવડા પ્રેરક અને યુવાનવર્ગને ઉત્તેજક છે. સેવા કરનારા બે પ્રકારના હોય છે: (૧) કરે થોડું અને આડંબર વધારે, (૨) છાને ખૂણે બેસી કરે વધારે. વલ્લભદાસભાઇને કઈ કોટીમાં મૂકવા તે મારા કરતાં તમો સૌ કોઈ સમજી શકો છો. પદવી-પ્રદાનનું વધારે પ્રમાણમાં વિતરણ કરવામાં આવે તો તેનું મૂલ્ય અલ્પ અવશ્ય થાય; પરંતુ તેને પણ દૃષ્ટિબિંદુ હોય છે. આપણી મુંબઇ યુનિવર્સિટી પદવીપ્રદાન ઓછું કરે છે, જ્યારે લંડન ને ફ્રાંસની યુનિવર્સિટીઓ છૂટે હાથે પદવીઓ આપે છે. વલ્લભદાસને તેમની સેવાને અનુરૂપ બિરુદ યોગ્ય સ્થાને જ છે અને તે માટે મારો હર્ષ વ્યક્ત કરું છું.

બાદ શ્રીયુત્ વલ્લભદાસભાઇએ જવાબ આપતાં પ્રથમ પોતાની લઘુતા વર્ણવી હતી. તેમણે બોલતાં જણાવ્યું કે-સાહિત્યનો શોખ મને પ્રથમથી જ હતો અને તેમાં પૂ. શ્રી આત્મારામજી મહારાજની કૃપાથી તે વેલ વિસ્તાર પામી. પૂજ્ય પ્રવર્ત્તક શ્રી કાંતિવિજયજી મહારાજ, મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ, સાક્ષરવર્ય મુનિરાજશ્રી પુણ્યવિજય મહારાજ, આ. વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો ખરો આભાર તો મારે માનવાનો છે, કારણ કે તેઓશ્રીએ યોજના અને સંશોધનનું કાર્ય હાથમાં લીધું તેનું જ આ સુંદર ફળ છે અને મને યથાશક્તિ સાહિત્યોપાસના કરવાનો સુયોગ્ય સાંપડ્યો. હું વ્યાપારી છું પણ મારા મિત્રોએ મને આગળ કર્યો અને મારા માર્ગને નિષ્કંટક બનાવવા તેમણે અથાગ પ્રેરણા કરી. ખરી રીતે કહું તો હું સાહિત્ય-સેવક છું અને હજુ માત્ર સાહિત્યને ઓળખવા શીખ્યો છું. અમારી સભાનો ઉદ્દેશ સાહિત્યપ્રચાર અને તે પણ નફાની દૃષ્ટિએ નહિ. અમારા જૈન સાહિત્યનો વારસો વિપુલ છે અને તેમાં મારી સેવા સાગરમાં બિંદુ સમાન છે. ખરી રીતે આજે મળેલ માન મને નહિ પણ સભાને મળેલ છે, કારણ કે તેના અવલંબન વિના હું આજે આટલી પ્રગતિ કરી શક્યો ન હોત. બાદ સભાના અતિ અગત્યના પ્રકાશનોનો ટુંકમાં પરિચય આપ્યો હતો. છેવટે સૌનો આભાર માની, અલ્પાહારને ઇન્સાફ આપી સમારંભ વિસર્જન કરવામાં આવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## પંજાબ સમાચાર.

### શીયાલકોટ શહેરમાં શ્રી પર્યુષણાપર્વ.

આચાર્યવર્ય **શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ** પોતાની શિષ્યપ્રશિષ્યાદિ મુનિમંડળી સહિત શીયાલકોટ શહેરમાં બિરાજમાન છે. કૃષ્ણાષ્ટમીના દિવસે સનાતનીભાઇઓની આગ્રહભરી વિનંતિને માન આપી આચાર્યશ્રીજીએ રામતલાઇ પર આવેલ સનાતનધર્મ મંદિરમાં પ્રભાવશાળી વ્યાખ્યાન આપ્યું હતું. આખી સભા એકીઅવાજે બોલી ઊઠી હતી કે આવી રીતે કૃષ્ણલીલાનું રહસ્ય સમજાવનાર મહારાજશ્રી સિવાય અમોને બીજો કોઇ આજ સુધી મલ્યો નથી.

પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વ આરાધન કરવા સારૂ મુલતાન, કોહાટ, લતમ્બર, બિકાનેર આદિ દૂરદૂરથી શ્રાવક–શ્રાવિકાઓ આવ્યા હતા. એકંદરે બહારગામોના લગભગ ત્રણેક હજાર નરનારીનો સમૂહ ભેગો થયો હતો. રાયસાહેબ લાલા કર્મચંદજી ઓનરરી માજીસ્ટ્રેટના તરફથી વ્યવસ્થા રાખવામાં આવી હતી.

બજારમાં આવેલ મીશનસ્કુલના વિશાલ મેદાનમાં પંડાલ બાંધવામાં આવ્યો હતો અને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય, જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજ તથા શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ આદિની પ્રતિકૃતિઓથી પંડાલને સુશોભિત કરવામાં આવ્યો હતો.

પ્રથમના ત્રણે દિવસે આચાર્યશ્રીજીએ અષ્ટાહ્નિકા વ્યાખ્યાન ઘણી જ સુંદર ઢબથી વાંચી જનતાને ધર્મરસથી તરબોળ કરી હતી. શ્રી પર્યુષણાના પાંચ કર્તવ્યો અને વાર્ષિક કર્તવ્યો વિગેરે ઉપર રોચક ભાષામાં વિવેચનો કર્યા હતા.

કલ્પસૂત્રની વાંચના પણ આચાર્યશ્રીજીએ એવી જ સુંદર ઢબથી કરી હતી.

ચૌદશના દિવસે નારોવાલનિવાસી લાલા પંજૂશાહ ધર્મચંદે વીશ મણ ઘીની બોલીથી કલ્પસૂત્ર લઈ વાજતેગાજતે પંડાલમાં પધરાવ્યું. રાતના રાત્રિજાગરણ કરવામાં આવ્યું હતું.

સુપ્રસિદ્ધ વૈદ્યરાજ લાલા ગોપાલશાહજી જૈને ૧૦૦ મણમાં પારણાની બોલી લઇને વાજતેગાજતે વરઘોડાની સાથે પારણાને પોતાને બંગલે લઈ ગયા હતા.

બપોરે બાર વાગ્યે રાયસાહેબની કોઠીથી ઘણા જ સમારોહથી રથયાત્રાનો વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો. એકંદરે આ વરઘોડો બાદશાહી વરઘોડાને યાદ કરાવે એવો હતો.

ત્રીજના દિવસે વ્યાખ્યાન પછી રાવલપીંડીનિવાસી ડાકટરણી શ્રીમતી ધનવન્તીદેવીએ મધુર ભાષામાં મૂર્તિપૂજા ઉપર ભાષણ આપી આચાર્યશ્રીજીને રાવલપીંડી પધારવા વિનંતિ કરી હતી.

ચોથના દિવસે બારસાસૂત્ર રાયસાહેબ લાલા કર્મચંદજી અગ્રવાલ ઓનરેરી માજીસ્ટ્રેટની કોઠીમાં વાંચવામાં આવ્યા હતા. રાયસેહેબે ૩૦ મણની બોલીથી બારસાસૂત્ર લઇ આચાર્યશ્રીજીના કરકમલોમાં અર્પણ કર્યું હતું. બારસાસૂત્ર પૂર્ણ થયા પછી આચાર્યશ્રીજીએ ફરમાવ્યું કે આ પ્રત પાંચસો વર્ષ લગભગની છે. એમાં જે સાધુ–મહાત્માઓની તસવીરો છે તે સર્વેને હાથમાં મુહપત્તિ અને આગળ સ્થાપનાચાર્ય રાખેલા છે. અર્થાત્ જે ઢબે અમો વ્યાખ્યાન વાંચીએ છીએ તે જ ઢબ આમાં છે. આથી સમજનારા સમજી શકે છે કે પ્રાચીન કોણ છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાદ લાહોરી બેન્ડ-ભજનમંડળી સાથે શ્રીસંઘ સહિત દહેરાસરે દર્શન-ચૈત્યપરિપાટી કરી પંડાલમાં પધારી આચાર્યશ્રીજીએ માંગલિક સંભળાવ્યું હતું.

વરઘોડા વખતે સામેથી સ્થાનકવાસીઓનું જુલુસ એમના સાધુ ગોકુળચંદજી પ્રેમચંદજી આદિ સાથે આવી રહ્યું હતું. સમયસૂચકતા વાપરી આચાર્ય શ્રીજીએ સૌને શાંતિ રાખવા ઉપદેશ આપ્યો: તુર્ત જ આપણા ભાઇઓએ રસ્તો કરી આપ્યો અને શાંતિપૂર્વક ઊભા રહ્યા, પણ એ લોકો પોતાના સ્વભાવાનુસાર ગડબડ મચાવતા અનેક પ્રકારની ચેષ્ટાઓ કરતા ચાલ્યા.

આ વખતે આચાર્યશ્રીજીની આજ્ઞા પ્રમાણે આપણા ભાઇઓએ શાંતિ ન રાખી હોત અને એઓની પેઠે વર્ત્યા હોત તો આજે ભરબજારમાં સંવત્સરીના પરસ્પર ખમતખામણા થઇ જાત. શાંતિ એ જ મોટી વાત છે.

બપોરે પંડાલમાં અષ્ટપ્રકારી પૂજા ઠાઠમાઠથી ભણાવવામાં આવી હતી.

સાંજના ઘણી જ શાંતિપૂર્વક સંવત્સરી પ્રતિક્રમણ કરવામાં આવ્યું હતું.

બહારથી પધારેલા મહેમાનોની સેવા-ભક્તિ રાયસાહેબ લાલા કર્મચંદજી, લાલા ગોપાલશાહજી, તથા લાલા શોરીલાલજી, રામલાલજી, પ્યારાલાલજી, મૂલખરાજજી વગેરે ભાઇઓએ ખૂબ કરી હતી. ભોજન, ઉતારા વગેરેની વ્યવસ્થા પણ સુંદર થઇ હતી.

લાઉડ સ્પીકરનો પ્રબંધ હોવાથી વ્યાખ્યાનમાં અને રાત્રે શાંતિ રહેતી. શીયાલકોટનિવાસીઓ મુક્તકંઠે જૈન ધર્મની અને શ્રી ગુરુદેવની યશોગાથા ગાઇ રહ્યા છે અને વદી રહ્યા છે કે અમોને હવે જ ખબર પડી કે પર્યુષણપર્વ આવા હોય છે.

શ્રી ગુજરાંવાલા શ્રી સંઘના તરફથી શ્રાવણ વદિ ૧૨ થી ભાદરવા સુદિ ૩ સુધી ગરિબોને પેટભરી ભોજન આપવામાં આવ્યું હતું. એનો લાભ હિંદુમુસલમાન વિગેરે સેંકડો ગરિબોએ લીધો હતો.

શ્રી વિજયાનંદ જૈન મંડળે દરરોજ આબૂતીર્થ, નેમનાથજી જિન, પાર્શ્વનાથ ભગવાનને કમઠે કરેલાં ઉપસર્ગો આદિ દૃશ્યો દેખાડી જનતાને આશ્ચર્યયુક્ત કરી હતી.

---

## ગુરુભક્તિમાં વૃદ્ધિ.

ન્યાયાંભોનિધિ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની ગુરુભક્તિ નિમિત્તે સ્થાપન થયેલી આ ( શ્રી જૈન આત્માનંદ ) સભા પ્રથમથી જ ગુરુરાજની સ્વર્ગવાસતિથિ જયંતિ દેવગુરુભક્તિ વગેરે કરી ઉજવે છે, જે કે સભાની ફરજ છે; પરંતુ બીજા મહાપુરુષો-ગુરુદેવો, પ્રાતઃસ્મરણીય શ્રી મૂળચંદજી મહારાજ તથા તેમના શિષ્ય શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસ તિથિના રોજ પણ ઉપરોકત મુજબ જયંતિ ઉજવી આ સભા ગુરુભકિત કરે છે, કારણ કે ધર્મગુરુઓ માટે ગુરુભકિત કરવામાં સભા પોતાની ફરજ માને છે. શ્રીમાન્ મૂળચંદ મહારાજની જયંતિ નિમિત્તે જિનાલય, તથા તેઓશ્રીની પાદુકા વગેરે સ્થળે અંગરચના લાઇટ અને દેવાધિદેવની દર વર્ષે પૂજા ભણાવવામાં આવતી હતી પરંતુ સભ્યોનું સ્વામીવાત્સલ્ય પૂરતા ફંડના અભાવે થતું નહોતું જેથી તે બાબતમાં આ સભાના ગુરુભકત શ્રીમંત બંધુઓ તે માટે ઘણા વખતથી વિચાર કરતાં હતાં; દરમ્યાન તેવો સુપ્રસંગ ગુરુકૃપાથી સાંપડયો. આ સભાના ટ્રેઝરર શેઠ અમૃતલાલભાઇ છગનલાલના બંગલે ગયા શ્રાવણ વદિ ૯ ના રોજ મિત્રમંડળને ભોજન નિમિત્તે આમંત્રણ થયું હતું. જે વખતે ઉપરોકત સ્વામીવાત્સલ્ય ફંડ સંબંધી વાત કરતાં નીચે મુજબ ફંડ થયું હતું જેથી હવે સ્વામીવાત્સલ્ય દર વર્ષે કરવામાં આવશે. ૫૦૦) શાહ છોટાલાલ હીરાચંદ, ૨૫૦) શેઠ હરજીવનદાસ દીપચંદ, ૨૫૦) શેઠ શ્રી અમૃતલાલ છગનલાલ, ૧૨૫) શેઠ દેવચંદભાઇ દામજી, ૧૨૫) શેઠ ગુલાબચંદ લલ્લુભાઇ, ૧૨૫) શેઠ ફતેહચંદભાઇ ઝવેરભાઇ ૭૫) શેઠ ઝવેરભાઇ ભાઇચંદ હા. જાદવજીભાઇ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનોપચંદ ને ચમનભાઇ, ૫૦) શાહ કાન્તિલાલ ભગવાનદાસ. હજુ ફંડ ચાલુ છે.

ગુરુભકિતના આ કાર્ય માટે ઉપરના બંધુઓએ જે ઉદારતા બતાવી છે, તે માટે આભાર માનવામાં આવે છે. ઉપરની રકમો મુદ્દલ અનામત રાખી તથા ધારા પ્રમાણે જે વ્યાજ અપાય છે તેમાંથી વ્યય કરવાનો સભાએ ઠરાવ કરેલો છે.

---

## ભાવનગર

આ વર્ષ **આચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ** સપરિવાર ચાતુર્માસ અત્રે બિરાજમાન છે. તેઓનો વિદ્વત્તા ભરેલો સુમધુર ઉપદેશ વ્યાખ્યાનદ્વારા જૈનસમાજને મળે છે. આ વર્ષ પર્યુષણ પર્વ પણ સારી રીતે ઉજવાયા છે. જ્યાં વિદ્વાન ધર્મગુરુમહારાજનો જોગ હોય ત્યાં તેમજ બને. પર્યુષણમાં તપસ્યા બીજા વર્ષો કરતાં આ વર્ષે પ્રમાણમાં વિશેષ થઇ હતી. ઘોડીયાપારણાનું ઘી પણ સારૂં ઉપજ્યું હતું અને શેઠ માણેકચંદ કરમચંદે પોતાને ત્યાં લઇ જઇ પ્રભાવના વગેરે ઉદારતાથી ભક્તિ કરી હતી. શ્રી મહાવીર જન્મવાંચનના દિવસે શેઠ ત્રિભુવનદાસ ભાણજીના સુપુત્ર પ્રેમચંદભાઇના ધર્મપત્ની વેણીબ્હેને માસખમણ કરવાથી સ્વામીવાત્સલ્ય સંઘ કર્યો હતો અને તપસ્વીઓને પારણુ કરાવતાં ઉલ્લાસપૂર્વક ભક્તિ કરી હતી. પાંચમના દિવસે ખીમચંદ લલ્લુભાઇએ સ્વામીવાત્સલ્ય રૂા. ૧૪૦૦)માં ઉછાણીથી લઇ સંઘનું જમણુ કર્યું હતું. એ રીતે ઉલ્લાસપૂર્વક નિર્વિઘ્ને પર્યુષણ પર્વનું આરાધન સમાજમાં થયું હતું.

---

## પાલેજમાં પર્વારાધન.

પૂજ્યપાદ પ્રખર શિક્ષાપ્રચારક મરુધરોદ્ધારક આચાર્ય શ્રી ૧૦૮ શ્રીમદ્ વિજયલલિતસૂરિજી મહારાજ સપરિવારનું ચાતુર્માસ પાલેજમાં થએલ છે. વડોદરા, મુંબઇ, ભરુચ, પાટણ, મીંયાગામ, કરજણ, માંગરોલ, ઝણોર, દેથાણ, સાઢલી, સુરવાડા, પાછીઆપુર, ડભોઇ, સીનોર, કોરલ, કુરઇ આદિ લગભગ ૪૩ ગામના શ્રાવકશ્રાવિકાઓ પર્યુષણપર્વનું આરાધન કરવાને માટે અત્રે આવેલ હતા.

આઠ દિવસ દરમ્યાન વ્યાખ્યાનમાં શ્રાવકશ્રાવિકાઓ વ્યાખ્યાન બરાબર સાંભળી શકે તે માટે લાઉડ સ્પીકરની ગોઠવણ કરવામાં આવી હતી.

ચાર દિવસ પૂજા ભણાવવામાં આવી હતી.

શ્રાવણ વ. ૧૪ ના દિવસે શેઠ કપૂરચંદ છોટાલાલે ચઢાવો બોલી વરઘોડા સહિત શ્રી કલ્પસૂત્રજી પોતાના ઘેર લઇ ગયા હતા. તથા ભા. સુ. ૧ ના દિવસે શેઠ ભોગીલાલ મોતીલાલ ચઢાવો બોલી ભગવાનનું પારણું વરઘોડા સહિત પોતાને ઘેર લઇ ગયા હતા.

ભા. શુ. ૪ ના દિવસે સવારમાં બારસાસૂત્રના વાંચન પછી બપોરના ચતુર્વિધ સંઘ સાથે ચૈત્યપરિપાટી કરવામાં આવેલ હતી.

કેકડી ( જી. અજમેર )ના સ્યાદ્વાદ મહાવિદ્યાલયને માટે પૂજ્યપાદ પંજાબકેસરી જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સા. નો આદેશ આવતાં શ્રી સંઘે માન આપી રૂપીઆ એક હજારની રકમ આપવા જાહેર કર્યું હતું. તપસ્યા સારા પ્રમાણમાં થઇ હતી. પ્રભાવના વિવિધ જાતની થતી હતી.

એકંદરે શ્રી શાસનદેવની કૃપાથી પર્યુષણ પર્વના સર્વ દિવસો નિર્વિઘ્નપણે શાંતિથી પસાર થયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**કન્યા સદ્બોધ**-પ્રકાશક શ્રી આત્માનંદ જૈન સભા-અંબાલા ( લેખક દોશી ફૂલચંદ હરિચંદ) હિંદીમાં અનુવાદક બ્રહ્મચારી શંકરદાસજી જૈન. કિંમત ચાર આના. જૈન બાળાઓનું શું કર્તવ્ય છે તે જણાવનાર ૧૮ દિનચર્યા વગેરે શિક્ષાઓ છે. સાથે પાંચ સતીઓના ચરિત્રો વગેરે સંક્ષિપ્તમાં આપેલ છે. વ્યવહારિક શિક્ષણ સાથે આ બુકમાં આપેલ વિષયો પ્રાથમિક રીતે ઉપયોગી છે. પ્રકાશકને ત્યાંથી મળી શકશે.

**શ્રી તપાગચ્છ પટ્ટાવલી** ( સચિત્ર ) ભાગ ૧ લો, સંપાદક પંન્યાસજી શ્રી કલ્યાણવિજયજી મહારાજ, ઉપાધ્યાયજી શ્રી ધર્મસાગરજી. ( સ્વોપજ્ઞવૃત્તિ સહિત ) પ્રકાશક શ્રી વિજયનીતિસૂરિજી લાઈબ્રેરી. પરમ ઉપકારી શ્રી મહાવીર જિનેશ્વરની પાટપરંપરાએ થયેલ આચાર્યોથી અનેક ગચ્છો ઉત્પન્ન થયેલા છે તેમાં કયા કયા ગચ્છના કયા કયા આચાર્યશ્રી ઉત્પાદક છે અને કયારે ગચ્છો ઉત્પન્ન થયા ? તેનું ઐતિહાસિક દૃષ્ટિએ સૂક્ષ્મ સંક્ષિપ્ત વૃત્તાંત આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પ્રથમ શ્રી ઉપાધ્યાયજી શ્રી ધર્મસાગરજીનો જીવન પરિચય, સંપાદકશ્રીનો પરિચય, અને છેવટ પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીથી પ્રારંભીને શ્રી વિજયસેનસૂરિ સુધીની ૫૯ પાટપરંપરાનો પરિચય કરાવ્યો છે. આ પટ્ટાવલીમાં આવેલ પાટપરંપરા સંકલનાપૂર્વક અને સરલ રીતે લખવામાં આવેલ છે. આ પટ્ટાવલી તૈયાર કરવામાં જુદા જુદા ગ્રંથોનો ઉપયોગ સારા પ્રમાણમાં કરવામાં આવ્યો છે. ગ્રંથ ઐતિહાસિક દૃષ્ટિએ યોગ્ય તૈયાર કરેલ છે. ભંડારો અને લાઇબ્રેરીઓમાં રાખવા લાયક છે. ક્રાઉન આઠ પેજી ૩૫ ફારમના આ ગ્રંથની કિંમત રૂા. દોઢ ગ્રંથની સરખામણીમાં અલ્પ છે.

**જૈન તત્ત્વસાર સટીક**—ઉપાધ્યાયજી શ્રી સૂરચંદ્રગણિકૃત. પ્રકાશક શ્રી વૃદ્ધિમાન-સત્ય-નીતિ-હર્ષસૂરિ જૈન ગ્રંથમાળા. જૈન તત્ત્વનો સંક્ષિપ્ત સ્વરૂપમાં સમજ આપનારો આ ગ્રંથનો ૨૧ જુદા જુદા અધિકારોમાં સમાવેશ કરવામાં આવેલો છે. પ્રકરણો ટૂંકા છતાં પઠનપાઠન કરવા જેવાં છે. અભ્યાસક્રમમાં ઉપયોગી થઈ પડે તેવા વિષયોનો સમાવેશ કરવામાં આવેલો છે. આ ગ્રંથનું પ્રમાણ ટીકા સાથે ૪૧૦૦ શ્લોક છે. આ ગ્રંથ મૂળ તથા ભાષાંતર સાથે આ સભા તરફથી ઘણા વર્ષો પહેલાં બુકાકારે પ્રકટ થયેલ હતો; પરંતુ શાસ્ત્રી સુંદર અક્ષરોથી સારા કાગળ ઉપર મુનિમહારાજાઓને વ્યાખ્યાનમાં ઉપયોગી થઇ પડે તેવી રીતે પ્રતાકારે મૂળ ને ટીકા સાથે આ પ્રકટ કરવામાં આવેલ છે. મનન કરવા યોગ્ય આ ગ્રંથ છે. મળવાનું સ્થળ—શેઠ ભોગીલાલ સાકળચંદ, રીચીરોડ-અમદાવાદ

**શ્રી જખૌ ( કચ્છ ) જૈન મંદિરના ઝઘડા સંબંધી ફેંસલો અને બંધારણ.** આપનાર મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજ. બને પક્ષોની હકીકત અને વહીવટની પરંપરાનો અભ્યાસ કરી યોગ્ય ફેંસલો બંધારણ સાથે આપવામાં આવ્યો છે. વિદ્વાન મુનિમહારાજોને ધાર્મિક ઝઘડાના સમાધાન માટે લવાદ નીમી તેનું યથાયોગ્ય રીતે પાલન કરવું જોઇએ, તો જ સાર્થકતા માનીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પંડિત હરગોવિંદદાસ ત્રિકમચંદનો સ્વર્ગવાસ.

જૈનાચાર્ય શ્રીમદ્ વિજયધર્મસૂરિજીસ્થાપિત શ્રી યશોવિજય જૈન પાઠશાળા–કાશીમાંથી જે થોડા વિદ્વદ્રત્નો નિપજ્યાં તેમાંનું અણુમોલ રત્ન તે ભાઇશ્રી હરગોવિંદદાસ ત્રિકમચંદ. સાહિત્ય પરત્વેની તેઓની નૈસર્ગિક અભિરુચીએ તેઓને હિંદભરના વિદ્વાનોમાં મોખરે લાવી મૂકયા.

તેઓનો જન્મ વિ. સં. ૧૯૪૫ માં રાધનપુરમાં થયો હતો. તેઓના એક નાના ભાઇ કે જેઓ હાલમાં પૂ. શ્રી જયંતવિજયજી મહારાજના શિષ્યરત્ન વિશાળવિજયજી મહારાજ છે, તેઓ છે. તેઓ બાલ્યકાળથી જ ચતુર અને બુદ્ધિશાળી હતા. તે ગુણોથી આકર્ષાઇ ખંભાતવાળા શેઠ પોપટલાલ અમરચંદ તેઓને વ્યાપારાર્થે મુંબઇ તેડી ગયા, પરંતુ તેમનું દિલ તેમાં ચોટયું નહિ અને સોળ વર્ષની ઉંમરે તેઓ કાશી જઇ પહોંચ્યા અને પાઠશાળામાં દાખલ થયા. ત્યાં આઠ વર્ષ રહી વ્યાકરણ, ન્યાય, કાવ્ય, સાહિત્ય અને પ્રાકૃત ભાષા તેમજ સંસ્કૃત ભાષા પર પ્રભુત્વ મેળવ્યું અને કલકત્તા યુનિવર્સિટીની પરીક્ષાઓ આપી ન્યાયતીર્થ અને વ્યાકરણતીર્થ થયા. પાલી તથા સિંહલી ભાષાના અભ્યાસ માટે તેઓ સીલોન ગયા અને છ મહિનામાં તે ભાષા પર કાબૂ મેળવ્યો; એટલું જ નહિ પણ ત્યાંનાં બૌધ વિદ્વાનો સમક્ષ "જૈન ધર્મની મહત્તા" ઉપર સુંદર વિવેચન કરી, સૌને આશ્ચર્ય પમાડયા.

તેઓની ઉત્તમ કૃતિ તે "વિશેષાવસ્યક ભાષ્ય." જેનું સંશોધન તેઓની અસાધારણ વિદ્વત્તાનો ખ્યાલ આપે છે. એ વિદ્વત્તાના પરિચયે સં. ૧૯૭૪ માં બંગાલની વિશ્વવિદ્યાલયે તેઓને પ્રાકૃત, પાલી અને ગુજરાતી ભાષાના લેકચરર તરીકે નિયુક્ત કર્યા હતા.

"પ્રાકૃત શબ્દ મહાર્ણવે" તો તેઓને અમર બનાવ્યા છે જે તેઓના અથાગ પરિશ્રમનું ફળ છે. જે ગ્રંથ આજે પૂર્વ અને પશ્ચિમના વિદ્વાનોમાં આદરને પાત્ર બન્યો છે.

તેઓ સ્વભાવે મિલનસાર અને ધર્મપ્રેમી હતા. તેઓ આ સભાના તો ઘણા વખતથી લાઇફ મેમ્બર હતા. આવા વિદ્વાનરત્નનો સં. ૧૯૯૭ ના અષાડ વદિ ૧૩ના રોજ મુંબઇખાતે સ્વર્ગવાસ થયેલ છે. તેઓના સ્વર્ગવાસથી જૈન સમાજને એક વિદ્વાનરત્નની ખોટ પડી છે. તેઓના ધર્મપત્ની સુભદ્રા બહેન, બહેન મોંઘી તેમજ અન્ય કુટુંબીજનોને દિલાસો આપવા સાથે તેઓના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

---

## શેઠ શ્રી કુંવરજી નથુભાઇનો સ્વર્ગવાસ.

શેઠ શ્રી કુંવરજીભાઇ શુમારે ૬૫ વર્ષની ઉમરે માત્ર બે દિવસની બિમારી ભોગવી ગયા શ્રાવણ વદિ ૫ ના રોજ પંચત્વ પામ્યા છે. મૂળ ગોઘાના વતની ધંધાર્થે ભાવનગરમાં આવી રહ્યા હતા. સામાન્ય વેપાર શરૂ કરી વ્યાપારના બુદ્ધિકૌશલ્યપણાએ કરી પુણ્યોદય થતા આ શહેરમાં એક સારા વ્યાપારી તરીકે પ્રતિષ્ઠા મેળવી હતી. સાથે આર્થિક સંપત્તિ પણ વધતી ચાલી હતી. ગોઘા જીલ્લાના મોટા ભાગના વ્યાપારીઓના તેઓ આડતીયા તેમ તે વ્યાપારીઓની વ્યાપાર સંબંધી પૂર્ણ શ્રદ્ધા હોવાને લઇને તે જીલ્લાના ગામના કોઇપણ વ્યવહારિક, ધાર્મિક કાર્યોમાં પણ તેમના સલાહકાર હતા. તે જીલ્લાના વ્યાપારીઓમાં, અત્રેના વ્યાપારી મંડળમાં અને આ સભાના લાઇફ મેમ્બર હોવાથી સભ્ય તરીકે તેમની ખોટ પડી છે, જે માટે ભાવિભાવ બળવાન માનવાનું છે. તેઓશ્રીના ત્રણ પુત્રો બાબુભાઇ વગેરે તથા તેમના નજીકના સગાં અને વ્યાપારમાં ભાગીરદાર જીવણભાઇ અને કુટુંબને દિલાસો દેવા સાથે તેમના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થીએ છીએ. બાઇ કુંવરજીભાઇના કલ્યાણાર્થે ભાદરવા વદિ ૬થી અઠ્ઠાઇમહોત્સવ, સમવસરણની રચના, સ્વામીવાત્સલ્ય અને શાંતિસ્નાત્ર વગેરે પુણ્યકાર્યો કરવાનો નિર્ણય થયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભાઇ કેશવલાલ લક્ષ્મીચંદનો સ્વર્ગવાસ.

મુંબઇનિવાસી ભાઇ કેશવલાલ થોડા દિવસની બિમારી ભોગવી અશાડ શુદિ ૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સ્વભાવે મિલનસાર, દેવગુરુધર્મ પરત્વે શ્રદ્ધાવાળા હતા. આ સભાના તો તેઓ ઘણા વખતથી લાઇફ મેમ્બર હતા. તેઓના કુટુંબને દિલાસો દેવા સાથે તેઓના આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.


## શ્રી નવપદની પૂજા.

( અર્થ, નોટ, મંડલ, યંત્ર, વિધિ વગેરે સહિત )

**શ્રીમદ્ યશોવિજયજી મહારાજકૃત નવપદની પૂજા** અમોએ તેના **ભાવાર્થ, વિશેષાર્થ** અને **નોટ** સાથે તૈયાર કરી પ્રગટ કરેલ છે. સાથે **શ્રી નવપદજીનું મંડલ** તે તે પદોના વર્ણ-રંગ અને તેની સાથે, વિવિધ રંગ અને સાચી સોનેરી શાહીની વેલ વગેરેથી તથા **શ્રી નવપદજીનો યંત્ર** કે જે આયંબીલ-ઓળી કરનારને પૂજા કરવા માટે ઉપયોગી છે તે બંને છબીઓ ઊંચા આર્ટપેપર ઉપર મોટો ખર્ચ કરી ઘણી સુંદર, સુશોભિત અને મનોહર બનાવી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. આ સાથે શ્રી સિદ્ધચક્રજી મહારાજનું આરાધન કેમ થાય, તેના સંપૂર્ણ **ક્રિયાવિધિ, ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ** અને સાથે **શ્રીમાન્ પદ્મવિજયજી મહારાજ** અને **શ્રીમાન્ આત્મારામજી મહારાજકૃત નવપદજીની પૂજાઓ** દાખલ કરેલ છે. ઊંચા એન્ટીક પેપર ઉપર ગુજરાતી સુંદર જુદા જુદા ટાઇપોથી છપાવી ઊંચા કપડાના બાઇન્ડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત ઉપર દૃષ્ટિ નહિ રાખતા ગ્રંથની અધિકતા, ઉપયોગી વસ્તુઓની વિવિધતા અને સર્વસુંદરતાનો ખ્યાલ નજરે જોવાથી ખરીદ કરી મુકાબલો કરવાથી જણાય છે. કિંમત માટે કે બીજી દૃષ્ટિએ લલચાવવાનો હેતુ રાખેલો નથી. **કિંમત રૂા. ૧-૪-૦ પોસ્ટેજ અલગ.**

---

## કર્મગ્રંથ ભાગ ૧-૨ સંપૂર્ણ.

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત-પ્રથમ ભાગ રૂા. ૨-૦-૦**
**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪-૦-૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદ્વત્તાપૂર્ણ કરવામાં આવેલ છે જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોષ, શ્વેતાંબરીય કર્મતત્ત્વ વિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટીક કાગળો ઉપર સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. કિંમત બંનેના રૂા. ૬-૦-૦. પોસ્ટેજ જુદું.

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


( આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## શ્રી તીર્થંકર ભગવાનના સુંદર ચરિત્રો.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર. | રૂ. ૧-૧૨-૦ |
| ૨. | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો. | રૂ. ૨—૦-૦ |
| ૩. | સદર ભાગ ૨ જો. | રૂ. ૨—૮-૦ |
| ૪. | શ્રી વિમલનાથ ચરિત્ર. | રૂ. ૧-૧૨-૦ |
| ૫. | શ્રી મહાવીર ચરિત્ર. | રૂ. ૩—૦-૦ |
| ૬. | શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. | રૂ. ૨—૮-૦ |
| | | રૂ. ૧૩—૮-૦ |

ઉપરના વિસ્તારપૂર્વક ચરિત્રો એક સાથે બધાં લેનારને અમારા તરફથી પ્રકટ થયેલ અનેક સુંદર ચિત્રો સહિત સાદા કપડાનાં પાકા બાઇન્ડીંગવાળો **શ્રીપાલ રાસ** અર્થ સહિત ( રૂ. ૨-૦-૦ ની કિંમતનો ) ભેટ આપવામાં આવશે.

## ગુજરાતી ગ્રંથો.

**નીચેના ગુજરાતી ભાષાના કથાના સુંદર પુસ્તકો પણ સિલિકે ઓછા છે. વાંચવાથી આહ્લાદ ઉત્પન્ન કરે તેવા છે. મનુષ્ય સંસ્કારી, ચારિત્રવાન બનતાં આત્મકલ્યાણ સાધી શકે છે. મંગાવી ખાત્રી કરો. બધા પુસ્તકો સુંદર અક્ષરોમાં સુશોભિત કપડાંના પાકા બાઇન્ડીંગથી અલંકૃત અને કેટલાક તો સુંદર ચિત્રો સહિત છે.**

| | | | |
|---|---|---|---|
| (૧) શ્રી ચંપકમાળા ચરિત્ર | રૂ. ૦-૮-૦ | (૯) સુકૃતસાગર (પૃથ્વીકુમાર ચરિત્ર) | રૂ. ૧-૦-૦ |
| (૨) શ્રી સમ્યક્ત્વ કૌમુદી | રૂ. ૧-૦-૦ | (૧૦) શ્રી પ્રભાવક ચરિત્ર | રૂ. ૨-૮-૦ |
| (૩) શ્રી ઉપદેશ સપ્તતિકા | રૂ. ૧-૦-૦ | (૧૧) શ્રીપાળરાજાનો રાસ સચિત્ર અર્થ સહિત સાદું પૂંઠું | રૂ. ૧-૪-૦ |
| (૪) સુસુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા | રૂ. ૧-૦-૦ | ,, રેશમી પૂંઠું | રૂ. ૨-૦-૦ |
| (૫) આદર્શ જૈન સ્ત્રીરત્નો | રૂ. ૧-૦-૦ | (૧૨) સતી સુરસુંદરી ચરિત્ર | રૂ. ૧-૮-૦ |
| (૬) શ્રી દાનપ્રદીપ | રૂ. ૩-૦-૦ | (૧૩) શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | રૂ. ૦-૨-૦ |
| (૭) કુમારપાળ પ્રતિબોધ | રૂ. ૩-૧૨-૦ | (૧૪) ,, સોળમો ઉદ્ધાર | રૂ. ૦-૪-૦ |
| (૮) જૈન નરરત્ન ભામાશાહ | રૂ. ૨-૦-૦ | (૧૫) શ્રી તીર્થંકર ચરિત્ર | રૂ. ૦-૧૦-૦ |

### શ્રી ઉપયોગી સુંદર ચરિત્ર—

# સતી સુરસુંદરી ચરિત્ર.

( લેખક : મા. સુશીલ )

**( રાગરૂપી આગ અને દ્વેષરૂપી કાળાનાગને શાંત કરવામાં જળ અને મંત્રની ઉપમાને યોગ્ય અદ્ભુત રસિક કથાગ્રંથ. )**

આ શ્રી ઉપયોગી કથાની રચના જૈન કથાસાહિત્યમાં બહુ જ આદરને પાત્ર મનાય છે. વૈરથી ધગધગતા અને રાગ-મોહથી મૂંઝાતા હૈયાને શાંત બનાવવાની કલાકુશળતા અને તાર્કિકતા કર્તા વિદ્વાન મહારાજે આ ગ્રંથમાં અદ્ભુત રીતે બતાવી છે.

કથારસિક વાચકવર્ગ કંટાળી ન જાય તે માટે પ્રથમ કથા-ચરિત્ર પછી કેવળી ભગવાનની ઉપદેશધારા અને તે પછી પ્રાસંગિક નૈતિક ઉપદેશશ્લોકો ( મૂળ સાથે ભાષાંતર ) સુધાબિંદુ એ પ્રમાણે ગોઠવીને ગ્રંથ આધુનિક પદ્ધતિએ મૂળ આશય સાચવી તૈયાર કરેલ છે.

રસદૃષ્ટિ, ઉપદેશ, ચરિત્ર-કથા અને પ્રાચીન સાહિત્યની દૃષ્ટિએ આ ગ્રંથ એક કિંમતી અણમોલ અને અનુપમ ગ્રંથ છે. એન્ટીક પેપર ઉપર સુંદર અક્ષરો અને રેશમી કપડાના સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂ. ૧-૮-૦ પોસ્ટેજ અલગ.

For Private And Personal Use Only